• **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય | તંત્રીશ્રી | ૩ |
| વિચારો : નવા અને જૂના | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| નિષ્ઠા | નારાયણ હ. જાની | ૧૧ |
| પૂ. માની નિત્ય નોંધ | મા સર્વેશ્વરી | ૧૬ |
| ભગિની નિવેદિતા | ધીરજબેન નાણાવટી | ૨૪ |
| કોઈપણ 'કર્મનો હું કર્તા નથી'—એ ભાવથી મુક્ત થવાય | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૩૧ |
| 'અઘોરી'—બાબા | ભાઈલાલભાઈ છાટબાર | ૩૮ |
| પ્રશ્નોત્તરી | યોગેશ્વરજી | ૪૭ |
| પૂ. મોટાના જીવન પ્રસંગો | "અનુરાગી" | ૫૦ |
| સ્વામી વિવેકાનંદના ચારિત્ર્યની કસોટી | કનૈયાલાલ ઝીંઝુવાડિયા | ૫૪ |
| સ્વર્ગારોહણમાં પર્વોની ઉજવણી | તંત્રી | ૫૮ |
| શાંતિ | ડો. કાલિદાસ પ્રજાપતિ | ૫૯ |


## ભક્તિસુધા

રસમય વાતો પ્રભુતણી, સુણવા દોડે કાન;
એ વાતોના શ્રવણમાં, કદા ભૂલીશ હું ભાન? ૬૧
સહજ પ્રેમ જેમ નયનનો, રૂપ વિષે દેખાય;
સહજ પ્રેમ મારો કદા, એવો પ્રભુમાં થાય? ૬૨
પ્રભુકથામૃતપાનમાં, પામી અતિઆનંદ;
કદા ત્રિવિધ તાપો અને, છોડીશ આ ભવફંદ? ૬૩

# સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય

કેનેડાના ટોરન્ટો શહેરમાં ૧૯૮૧ થી શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્રની જ્યોત્ ભક્તદંપતી શ્રી સુરેશભાઈ શાહ, શ્રીમતી વિમળાબેન શાહે પ્રગટાવી છે. આજે તો તે દિનપ્રતિદિન વધુ ને વધુ પ્રકાશિત થઈ રહી છે.

અતિનિયમિત સત્સંગ, અતિનિયમિત આરતી અને કેન્દ્રના સૌ સભ્યોની નિયમિત હાજરી અને પોતાના આંગણે સત્સંગ રાખીને અપાતી ભેટ અને વિશેષ દિવસોમાં આવતી ભેટ. બધું જ નોંધપાત્ર છે.

એ કેન્દ્રના સર્વ ભાઈબેનોની શુભેચ્છાનો શ્રી-લક્ષ્મીજીનો પ્રસાદ અધ્યાત્મને પણ પ્રાપ્ત થયો છે, તેનો આનંદ છે.

આ માસના અધ્યાત્મનો સંપૂર્ણ પ્રકાશન ખર્ચ એ કેન્દ્ર ઉપાડી રહ્યું છે.

ધન્યવાદ, હે ધ્યાનકેન્દ્ર, ધન્યવાદ કેન્દ્રના સૌ ભાઈબેનોને, ધન્યવાદ હે ભક્તદંપતી સુરેશભાઈ શાહ અને વિમળાબેન શાહને.

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટનું આ પ્રકાશન જીવન-ભર આપ સૌના હાથમાં સુરક્ષિત રહો એ જ પ્રાર્થના.



# વિચારો : નવા અને જૂના

**યોગેશ્વરજી**

વિચારો જીવનમાં ક્રાંતિ કરે છે, રસ ભરે છે, બળપ્રદાન કરે છે, પ્રેરણા અને પ્રકાશ ધરે છે, જીવનને જ્યોતિર્મય કરે છે અને અવનવો આકાર ધરે છે એમની શક્તિ ઘણી મોટી છે. એ સુવિચાર બનીને આવે છે ત્યારે આનંદ આપે છે, ઓજસ્વી બનાવે છે, અને આશીર્વાદરૂપ ઠરે છે, પરંતુ એથી ઉલટું, કુવિચારના રૂપમાં મળે છે ત્યારે જીવનને જોખમમાં મૂકી દે છે, મુસીબતોથી ભરે છે, વિકૃત તથા વિપથગામી કરે છે, અને અભિશાપરૂપ ઠરે છે. વિચાર અને વિશેષ કરીને સુવિચારની શક્તિ ઘણી મોટી છે. એના વિના જીવનનો વિકાસ અસંભવ બની જાય છે. માટે જ મોટા મોટા પ્રાતઃસ્મરણીય સંતોએ અને શાસ્ત્રોએ એને કેળવવાનું કે વિકસાવવાનું કહ્યું છે. વેદ પણ કહે છે કે ઉત્તમ વિચારો અમને ચોતરફી અથવા બનતી બધી બાજુથી પ્રાપ્ત થાય. એમને માટે અમારા મનનાં બારીબારણાં અમે ખોલી નાખીએ અને એમને આદરપૂર્વક અપનાવીએ.

સાચું છે. નવાનવા વિવિધ વિચારોને અપનાવવા માટે માણસે તૈયાર રહેવું જોઈએ. નવા વિચારોને અપનાવવાનું સહેલું નથી. એમને સાંભળવાનું અને સહાનુભૂતિથી સમજવાનું પણ અઘરું છે. કેટલાક માણસો સ્વભાવથી જ સ્થિતિસ્થાપક હોય છે. જૂના પોતાને ફાવતા વિચારોને જળોની પેઠે પકડી રાખે છે. એમની સત્યાસત્યતાનો વિચાર કરવાની કે એમની ઉપયોગિતા અથવા શ્રેયસ્કરતાને ચકાસવાની એમને નથી પડી.

એ પોતાના વિચારોના કુંડાળામાંજ કેદ થઈ જાય છે. એ વિચારો શુભ છે કે અશુભ અને કાચા છે કે પાકા એનો વિચાર એ નથી કરતા. વિચારો એમના નથી બનતા પરંતુ એ વિચારોના બની જાય છે. એમના માન્ય વિચારોની પાછળ પૂરતી વિચારણાનો અભાવ હોય છે. એમની આગળ કોઈવાર સંજોગવશાત કોઈક નવો વિચાર આવે ત્યારે એમની પ્રતિક્રિયા ઘણી અનોખી અને પ્રબળ હોય છે. પહેલા તો એ નવા વિચારોને સાંભળવા તૈયાર જ નથી થતા. અથવા સાંભળે છે તો એની સામે તરત જ ભારેમાં ભારે બળવો કરી ઊઠે છે. એ નવા વિચારનો સામનો કરીને એને બનતી બધી જ રીતે તોડી પાડવા માટે એ પ્રયત્ન કરે છે. એની ટીકા નિંદા કે આલોચના કરે છે, ને જાહેરમાં એને ઉતારી પાડે છે ત્યારે જ એમને શાંતિ વળે છે ને ચેન પડે છે. એમનું મન એવું સંકુચિત, છીછરું તથા કટ્ટર હોય છે. પોતાના જ પુરાણા વિચારોના એ ગુલામ બની બેસે છે.

કોઈકવાર એવું પણ બને છે કે એમની આગળ એવા નવા વિચારો આવે છે જેમની આગળ એમની દલીલ નથી ટકી શક્તી. એ વિચારોની યથાર્થતા વિશે એમને સંદેહ નથી રહેતો. પોતાના પુરાણા વિચાર કરતાં એ નવા વિચારો વધારે ઉત્તમ, સત્ય અને આવકારદાયક છે એની એમને ખાતરી થાય છે. છતાંપણ એ વિચારોને અપનાવવાની હિંમત એ નથી કરી શક્તા. એટલા આત્મબળનો એમનામાં અભાવ હોય છે.

પોતાના વિચારો અધૂરા, કાચા કે ખોટા છે એની ખાતરી થયા પછી પણ, કટ્ટરતાને કાયમ રાખીને, એમને છોડીને નવા વિચારોને ના અપનાવવા એમાં બુદ્ધિમાની નથી. એવા માણસો



જીવનનો જરૂરી વિકાસ નથી કરી શક્તા. સાચું કહીએ તો સમસ્ત જીવન એક પ્રયોગશાળા અથવા વિદ્યાપીઠ છે. એમાં ડગલે ને પગલે માણસ કાંઈક ને કાંઈક નવું શીખતો જાય છે. જો માણસ રૂઢીચુસ્ત કે પ્રમાદી બનીને નવા પાઠો શીખવાની ના પાડે અને નવા પરિવર્તનોને ઝીલવાની તૈયારી ના બતાવે તો એની પ્રગતિ એને પોતાને હાથે જ અટકી જાય, નવા વિચારો સારા હોય તો એમને સ્વીકારવામાં કોઈ જાતની આપત્તિ ના હોવી જોઈએ.

નવા વિચારો નવા છે માટે જ સ્વીકારી લેવા એવું ધોરણ નથી અપનાવવાનું. એની સાથેસાથે, જૂના વિચારો જૂના હોવાથી જ વર્જ્ય છે એમ પણ નથી સમજવાનું. બંનેના ગુણાવગુણ તપાસીને જ છેવટનો નિર્ણય લેવાનો છે, નવા વિચારોની ચકાસણી પણ એટલી જ આવશ્યક છે. એ વિચારો નવા છે માટે જ એમનાથી દોરવાઈ જવાની વૃત્તિ જરાક પણ આવકારદાયક નહિ થઈ પડે. જો એવી વિવેકબુદ્ધિ નહિ હોય તો પણ માણસ નવાથી મોહિત થઈ, નવું નવું અપનાવતો જશે ને કશામાં સ્થિર નહિ થઈ શકે. એ પોતે બધા વિચારોનો ગ્રાસ બની જશે. પરંતુ એકે વિચાર એનો પોતાનો જીવનવિચાર નહિ બની શકે. એ પરિસ્થિતિ પણ ભારે જોખમી છે.

એટલે માણસે વિચારશીલ બની, સત્ય ને શુભને ગ્રહણ કરવાની તેમ જ અસત્ય અને અશુભનો ત્યાગ કરવાની શક્તિ મેળવી લેવાની છે. જીવનના વિકાસમાં એવી શક્તિ મહત્ત્વનો ભાગ ભજવશે એ નિર્વિવાદ છે.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો.**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૧ જુલાઈ–૨૦૦૯ અંક ૧૦

## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળ:૫૫, અરૂણોદય સોસાયટી,અલકાપુરી, વડોદરા.**

**તા.૧–૨–૮૨, સોમવાર**

સવારે સર્વેશ્વરી પોતાના માતાપિતાને મળવા કપૂરા જાય છે. વડોદરાથી હાવડાએક્ષપ્રેસમાં બેસે છે. પૂ. શ્રીને ગઈ રાતથી ફીશરની તકલીફ થઈ છે છતાં સવારે જગદંબાએ સૂચના આપતાં કહ્યું: "જઈ આવો. સારી રીતે પહોંચી જશો રસ્તામાં જતાં." આશીર્વાદ. અને સાચે જ સર્વપ્રકારે અનુકૂળતા રહી. કપૂરા પહોંચવાનું બન્યું. સત્સંગી ભાઈબહેનો મળ્યાં. વાર્તાલાપ જાહેરમાં આપવો એ અંગે સર્વેશ્વરીએ ના પાડતાં કહ્યું, "હમણાં માતાપિતા પાસે જ વધુ સમય ગાળવો જરૂરી છે. જેથી ફરી કોઈવાર વાર્તાલાપ રાખજો." રાત્રે એક–બે ભજનો સંભળાવ્યાં પછી આરામ.



**તા.૩–૨–૮૨ બુધવાર.**

આજે પ્રવચન પહેલાં વડોદરા પહોંચવું એ દૃષ્ટિએ તા.૩જીએ સવારે નીકળી જવાનું બને છે. સવારે જ ૧૦ાા વાગ્યે વડોદરા આવી જવાનું બને છે. પૂ. શ્રીને ફીશરની તકલીફ વધી ગઈ હતી. વ્યાયામ, લેખન બંધ હતું. સંપૂર્ણ આરામ ફરજિયાત કરવો જરૂરી બન્યો હતો. સાંજે વિદેશની યાત્રા બાદ જાહેર પ્રવચન ગીતાસંદેશ ઉપર શરૂ થયાં. પ્રો.માણેકરાવના અખાડાના મેદાનમાં એનું આયોજન થયું હતું. પ્રવચન સ્થળે મંચ હતો, જેના ઉપર ઊંચી બેઠક પૂ. શ્રીની અને એનાથી નીચી બેઠક સર્વેશ્વરીની તૈયાર હતી. પૂ. શ્રીનું પ્રથમ પ્રવચન થયું. શ્રોતાઓની સંખ્યા સારી હતી. પ્રવચનબાદ સર્વેશ્વરીએ એક ભજન ગવડાવ્યું. ઉતારા ઉપર આવતાં પહેલાં શ્રોતાઓએ પ્રણામ કર્યા. ઉતારા ઉપર આવી પૂ. શ્રીએ દૂધ જ લઈ આરામ કર્યો.

**તા.૪–૨–૮૨ અને તા.૫–૨–૮૨**

**ગુરુવાર અને શૂક્રવાર**

પૂ. શ્રીને બન્ને દિવસ ફીશરની તકલીફ તો રહી. થોડું લેખનકાર્ય પણ કર્યું. વળી આરામ જ મોટે ભાગે કરવો પડ્યો. બપોરની મુલાકાત દરરોજ ચાલુ જ હતી. સર્વેશ્વરી વિદેશમાં પુસ્તકો પોસ્ટ કરવાની કામગીરીમાં તા.૩–૪–૫ દરમ્યાન રોકાયાં હતાં, જેથી દરરોજ બપોરની મુલાકાતની વાતચીત નોંધ ન થઈ. બંન્ને દિવસો દરમ્યાન પૂ. શ્રીએ તકલીફ વેઠીને પણ પ્રવચન તો સાંજે આપ્યું જ.

પ્રવચન સ્થળે દરરોજ એક ભગવા વસ્ત્રધારી સાધુપુરુષ આવે છે. પૂ. શ્રીના પ્રવચનને સાંભળે છે. પૂ. શ્રીનો તેમની

સાથે કોઇ પરિચય નથી. છતાં તે સાધુપુરુષ પૂ. શ્રીને પ્રવચનબાદ પ્રણામ કરવા આવે છે. ત્યારે પૂ. શ્રી ભાવિક ભાઇબેનોએ આપેલી રકમ, જો પૂ. શ્રીના ટેબલ ઉપર આવી હોય, તો તેમાંથી પરૂા. કે ૧૦રૂા. પેલા સાધુપુરુષને ફૂલ સાથે પ્રેમપૂર્વક આપે છે. તે સાધુપુરુષ સંકોચ અનુભવે છે. પણ પછી તે રકમ તે સ્વીકારે છે.

પૂ. શ્રી સમાજમાં જ્યાં પણ સાચી જરૂરિયાતના સ્થાનો જુએ ત્યાં પોતે કંઇકને કંઇક રકમ અર્પણ કરવામાં સંતોષ અનુભવે છે. પછી તે ગરીબ વિદ્યાર્થી હોય, કોઇ યોગ્ય વિધવા હોય કે કોઇ સામાન્ય માનવ હોય.

પૂ. શ્રી કોઇને કંઇક મદદરૂપ થવામાં સંતોષ અનુભવે છે. એ રીતે પૂ. શ્રીને કોઇક કંઇક ભેટ ધરે તો તેમાંથી પૂ. શ્રી ના છૂટકે જરૂર જેટલી સ્વીકારે.

વિદેશથી આવ્યા બાદ વડોદરા સૌ ભાઇબેનોએ સત્કાર્યા. એક બેને પોતાનો પુત્ર પાસ થયો તેની ખુશાલીમાં ૧૦૧ રૂા. કવરમાં મૂક્યા. પૂ. શ્રીએ તે કવર પાછળથી જોયું તો તેમાંથી ફક્ત ૧ રૂા. રાખ્યો, બાકીની રકમ આગ્રહ કરીને આપી દીધી.

એકભાઇએ પાંચ હજાર રૂા. પોતાનું મકાન વેચાયું તેના આનંદમાં પૂ. શ્રીને એક કવરમાં આપ્યા પૂ. શ્રીએ તે બધા જ પૈસા તેને ફરી આપવા માંડ્યા. તે ભાઇએ ખૂબ આગ્રહ કર્યો. પૂ. શ્રીએ થોડી રકમ રાખી. બાકીની પાછી આપી દીધી.

પાલનપૂરથી રે. ભાઇએ પૂ. શ્રી માટે કવર મોકલ્યું. પૂ. શ્રીએ એમાંથી ફક્ત ૧રૂા. રાખી બાકીની રકમ મોકલાવી દીધી.

પૂ. શ્રીના શ્રી ચરણે લક્ષ્મી સેવામાં રહે છે. પૂ. શ્રી કેટલીયે રકમો પાછી વાળે છે. છતાં જીવન ખૂબ સારી રીતે ચાલે છે.



વિદેશમાં પણ સન્ફ્રાન્સીસ્કો ને કેનેડામાં પૂ. શ્રી આવેલી રકમનાં કવરો પાછાં વાળે છે. છતાં વિદેશ જવા આવવાનો પચ્ચીસ હજાર રૂા.ની ટિકિટનો ખર્ચ પણ પ્રભુકપાથી મળી ગયો.

માંગ્યા વિના એ મહાનશક્તિ બધું જ કાર્ય સફળતાપૂર્વક કરે છે ને કરાવે છે.

પૂ. શ્રી કહે છે. અમે તો નારાયણની જ સેવા કરીએ એટલે લક્ષ્મી આપોઆપ અમારી સેવા કરે છે. જગત આખુ લક્ષ્મીની સેવા માટે ધમપછાડા કરે છે, પણ નારાયણ ત્યાં મળતા નથી.

પૂ. શ્રીની ઉદારતા, સંયમ, સંતોષ વંદનીય છે.

(ક્રમશઃ)

મંગલમયયાત્રા અમંગલમય જણાય ત્યારે સૃષ્ટિને નહિ, દૃષ્ટિને બદલવાની જરૂર છે, જે સૃષ્ટિને બદલીને સમાધાન શોધે તે ભૌતિકવાદી અને જે દૃષ્ટિને બદલીને સમાધાન શોધે તે અધ્યાત્મી. **— ભાણદેવજી**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ** તેમ જ **દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# નિષ્ઠા

નારાયણ હ. જાની

સને ૧૯૬૯ની સાલની આ ઘટના છે.

પૂ. શ્રી યોગેશ્વરજી તે વર્ષે ભાવનગરમાં અમારે ત્યાં પૂ. માતાજી સાથે પધારેલા. તે વખતે ભાવનગરમાં જાહેર પ્રવચનો હજી ગોઠવાયાં ન હતાં, પરંતુ અમારા ઘરે રાતના સત્સંગની બેઠક ગોઠવાતી. થોડા ભાવિક ભાઈઓ પૂ. શ્રી પાસે આવતા. તેઓમાં નવા આગંતુકોમાં જાણીતા કવિ અને વૈદરાજ શ્રી પ્રજારામભાઇ રાવલ અને શ્રી રામભાઇ દવે મુખ્ય હતા.

રાતની સત્સંગ બેઠક આઠ વાગે શરૂ થતી. પૂ. શ્રી તે પહેલાં પોતાની સાયંપ્રાર્થના પતાવી દેતા. તે પછી હળવા નાસ્તા જેવું લઇ બેઠકમાં પધારતા.

એક દિવસ શ્રી પ્રજારામભાઇ અને શ્રી રામભાઇ થોડા વહેલા આવ્યા. સત્સંગની બેઠક શરૂ થવાને હજી અડધા કલાકની વાર હતી. પૂ. શ્રી તે વખતે ઘરના એક બાજુના ખૂણે અગાસી હતી, ત્યાં પ્રાર્થનામાં બેઠા હતા.

પૂ. શ્રી પધારે તે પહેલાં અમે બેઠકખંડમાં વાતો કરતા બેઠા હતા. મને આ બન્ને મહાનુભાવોનો અંગત પરિચય ખાસ ન હતો, છતાં હું તેમને વ્યવસાયે જાણતો. વાતચીત દરમ્યાન મારાથી સહજરીતે પૂછાયું કે "તમે કોને ગુરુ તરીકે માનો છો?"

શ્રી રામભાઇએ જવાબ આપ્યો "પહેલાં ઋષિકેશવાળા સ્વામી શિવાનંદજીમાં મને એવી શ્રદ્ધા હતી. પરંતુ તેઓના બ્રહ્મલીન થયા પછી મારું મન તેઓમાં પહેલાં જેવી શ્રદ્ધા



ધરાવતું નથી. એથી હવે શ્રી અરવિંદ અને પૂ. માતાજીમાં મને ગુરુભાવ થાય છે. એથી હું અરવિંદાશ્રમ પણ એકવાર જઇ આવ્યો છું. વળી એમણે ઉમેર્યુ: "સ્વામી શિવાનંદજી પોતે હયાત હતા ત્યારે જુદી વાત હતી. હવે એવું નથી."

શ્રી પ્રજારામભાઇએ કહ્યું "હું શ્રી રામકૃષ્ણ દેવનો ઉપાસક અને ભક્ત છું. એમના જીવને મને ઘણી પ્રેરણા પૂરી પાડી છે. એટલે હું જે રીતે એમને સમજુ છું, તે રીતે જીવનમાં સાધના કરું છું."

અમારી આ વાતચીતમાં અડધો કલાક ક્યાં પૂરો થઇ ગયો, એની અમને ખબર સુદ્ધાં ન રહી. અમારી વાતચીત ચાલતી હતી ત્યાં જ પૂ. શ્રી બેઠક ખંડમાં પધાર્યા. અમે સહુએ ઊભા થઇ એમનું સ્વાગત કર્યું, પછી પ્રણામ કરી બેઠક લીધી.

પૂ. શ્રીએ આજે સત્સંગના અનુસંધાનમાં તે જ વર્ષે સુરતના નિવાસ દરમ્યાન બનેલ એક ઘટના વિષે વાત કરવા માંડી.

એ ઘટના આ પ્રમાણે હતી.

પૂ. શ્રી સુરતમાં એક ધર્મપ્રેમી ધનિક શેઠ શ્રી વિનાયકભાઇ જરીવાળાને ત્યાં ઉતરેલા. તે વખતે તેઓનાં પ્રવચન સનાતન હોલમાં ચાલતાં. તે દિવસો દરમ્યાન પૂ. શ્રીને મોઢામાં ગરમી થવાથી અવાળું ફુલેલું. એથી મોઢામાં પીડા થતી. અને પ્રવચનમાં બોલતાં પણ તકલીફ થતી. આથી શ્રી વિનાયક-ભાઇના પિતાજીએ પૂ. શ્રીને વિનંતી કરી કે "ચાલો આપણે દાંતના દાક્તરને બતાવીએ. તેઓ કોઇ ઇલાજ કરશે તો આપને રાહત થશે. મારા એક પરિચિત પારસી દાંતના જાણીતા દાક્તર છે."

પૂ. શ્રીએ હા પાડી એથી તેઓ તે દાક્તર સાહેબને ત્યાં ગયા. પૂ. શ્રી તે વખતે ખાદીનું ધોતિયું પહેરતા અને ઉપર અત્યારની જેમ ખાદીની ચાદર ઓઢતા. પૂ. શ્રીનું તેઓએ પ્રેમપૂર્વક સ્વાગત કર્યું. પછી તેઓનો પહેરવેશ જોઇ પૂછ્યું કે 'આપ શું કરો છો?

'પ્રભુના નામનો વેપાર' પૂ. શ્રીએ સ્મિત કરતાં કહ્યું. દાક્તર સાહેબને એ સાંભળી આનંદ થયો. તેઓ જન્મે પારસી હોવા છતાં હિન્દુધર્મ પ્રત્યે એમને ખૂબ પ્રેમ હતો એટલું જ નહિ, પરંતુ તેઓ એમના અંગતજીવનમાં હિંદુ ધર્મ પ્રમાણેનું જીવન જીવતા. હિંદુ ધર્મના સાધનાત્મક અભ્યાસનુંય સારું જ્ઞાન ધરાવતા.

એમના મુખ પરની પ્રસન્નતા જોઇને, પૂ. શ્રીએ પૂછ્યું ''આપ હિંદુધર્મ પ્રત્યે શ્રદ્ધાભક્તિ ધરાવો છો, તેની વાત મને શ્રી વિનાયકભાઇના પિતાજીએ કરેલી. જીવનમાં કંઇ ન કરવા કરતાં, જેમાં પણ શ્રદ્ધા હોય તે ધર્માચરણ કરવું જરૂરી છે.''

એના અનુસંધાનમાં દાક્તર સાહેબે જણાવ્યું. ''હું ઘણાં વર્ષો અમેરિકામાં રહ્યો છું. ત્યાં પ. પૂ. સ્વામીજી યોગાનંદજીના પરિચયમાં આવેલો. એમને જ મારા ગુરુ માનું છું અને ક્રિયાયોગ પ્રમાણેની મેં દીક્ષા લીધેલી છે.''

આ સાંભળી પૂ. શ્રીને ખૂબ આનંદ થયો. એમણે કહ્યું ''તો તો તમે ધ્યાન વગેરે કરતા હશો જ.''

''પહેલાં કરતો હતો, હવે નથી કરતો. સાચું કહું તો ગુરુજીના દેહવિલય પછી મને કાંઇ ખાસ માર્ગદર્શન મળતું નથી.''



પૂ. શ્રીએ કહ્યુંઃ 'તમોને એમાં કંઇ મુશ્કેલી જણાતી હોય તો પૂછજો. અમે તે અંગે માર્ગદર્શન આપીશું.'

આટલી વાતચીત પછી પૂ. શ્રીના અવાળુનો ઈલાજ પતાવી પૂ. શ્રી પોતાના ઉતારે આવી ગયા.

ત્રણેક દિવસ પછી બરાબર અગિયાર વાગે દાક્તર અને એમનાં પત્ની પૂ. શ્રીના ઉતારા ઉપર આવ્યાં. પૂ. શ્રી તે વખતે લેખન—કાર્ય કરી રહ્યા હતા. એમને દાક્તર સાહેબના આગમનની જાણ કરવામાં આવી. પૂ. શ્રીએ એમને મુલાકાત માટે અનુમતિ આપી.

દાક્તર ને એમનાં પત્ની પૂ. શ્રીના બેઠકખંડમાં પ્રવેશ્યાં કે તુરતજ પૂ. શ્રીએ જણાવ્યું કે ''હું આપના આગમનની રાહ જોતો હતો.'' સાંભળી દાક્તરને આશ્ચર્ય થયું. તેઓ બોલ્યા ''અમે તો આવવાની કોઇ જાણ આગળથી આપને કરી નથી. પછી આપ અમારી રાહ કઇ રીતે જોતા હતા?''

પૂ. શ્રીએ કહ્યુંઃ 'તમને જાણીને આશ્ચર્ય થશે. પરંતુ અમે રોજની જેમ આજે અમારું લેખનકામ કરી રહ્યા હતા ત્યારે અચાનક પ. પૂ. સ્વામીશ્રી યોગાનંદજી અમારી સમક્ષ પ્રગટ થયા અને કહેવા લાગ્યા. ''અમારો દાક્તર શિષ્ય હમણાં જ આપની પાસે એમનાં પત્ની સાથે આવી રહ્યો છે. મેં જ એમને આવવા પ્રેરણા કરી છે. એટલે અમારો આ સંદેશો એમને આપજો.'' એમ કહી તેઓએ જે સંદેશો મને લખાવ્યો છે, તે લો; એમ કહી પૂ. શ્રીએ દાક્તરના હાથમાં એ સંદેશાનો પત્ર મૂક્યો. સંદેશો અંગ્રેજીમાં હતો.

સંદેશાનો સાર એ હતો કે ''આ મારો શિષ્ય, અમારા

દેહવિલય પછી અમારામાંની શ્રદ્ધા ને નિષ્ઠા ખોઈ બેઠો છે.એ એમ માનતો થયો છે કે જ્યારે અમે હયાત હતા, ત્યારે જ એમને માર્ગદર્શન ને પ્રેરણા આપતા. હવે અમારામાં એવી કોઈ શક્તિ નથી. એની આવી ભ્રાંતિનું અમને દુઃખ છે.

સાચી વાત તો એ છે કે તેઓ હવે ધ્યાન વગેરે કરતા નથી. વહેલા ઊઠવાના સંકલ્પો કરે છે, પરંતુ તેનો અમલ કરતા નથી. અમે આ કહીએ છીએ, તે સાચું છે તેની પૂર્તિ કરવા જ એમનાં પત્નીને સાથે લાવવા અમે પ્રેરણા કરી છે.''

આ સંદેશો વાંચતાં જ દાક્તરની આંખો અશ્રુબિન્દુઓથી ઉભરાઈ ગઈ! એમનાં પત્નીએ પણ એ સંદેશો વાંચી એના લખાણનું સમર્થન કર્યું. દાક્તરને શાન્તવન આપતાં પૂ. શ્રીએ કહ્યું:

''ગુરુ એ વ્યક્તિ નથી, પણ શક્તિ છે, એ વાતમાં વિશ્વાસ રાખો, ગુરુમાંની નિષ્ઠાને શ્રી યોગેસ્વરજીએ આ રીતે પ્રસ્થાપિત કરી આપી એ બદલ દાક્તરે એમનો આભાર માન્યો. પછી પ્રણામ કરી જવા વિદાય લીધી.

દેહવિલય પછી પણ પોતાના પ્રિય શિષ્યોનું ગુરુ કેવું મંગલ ઈચ્છતા હોય છે, તેની પ્રતીતિ દાક્તરનો આ પ્રસંગ કરાવી જાય છે. સાથે પૂ. શ્રી યોગેશ્વરજી કેવી લોકોત્તર વિભૂતિ હતા એનું દર્શન પણ આપણને થાય છે. વંદન હો પૂ. સ્વામી શ્રી યોગાનંદજીને અને પ. પૂ. શ્રી યોગેશ્વરજીને.



# પૂ. માની નિત્ય નોંધ

(ગતાંકથી ચાલુ) **મા સર્વેશ્વરી**

અને આનંદ ત્યાં પહોંચે છે. ઘરની ગાડીમાં બધો સામાન ગોઠવી દીધો છે. અને જગનિર્મલને લઈને આનંદ ઘરે આવે છે.

સ્લેટના શબ્દો યાદ કરતાં શ્રી જગુભાઈ કહે છે મા આપે ફોન ઉપર કહ્યું કે યાત્રા માટે અમે જ તમને ત્યાંથી પીક અપ કરીશું. તો તે શબ્દો કેટલા બધા સાચા પડ્યા!

મા આપ જાણતાં જ હતાં કે ગાડી બગડવાની જ છે. અને અમને પીક અપ કરવાનાં જ છો.

મા લખે છે માએ તો હસવામાં એવું લખેલું. પણ આ સ્લેટ તેને સાચુ પાડી દે છે; કારણ આ સ્લેટ શ્રી ગુરુ ભગવંતની છે.

શ્રી હરિ કે શ્રી ગુરુ કે શ્રી ગુરુ ભગવંત કે પ્રભુ કે પરમાત્મા જે કહો તે માને મન બધા એક જ છે. એ જે લખાવે તે લખવાનું છે. એમાં માની કોઈ જવાબદારી નથી. સંપૂર્ણ જવાબદારી શ્રી હરિની છે. માને શું? એટલે મા લખે છે તે સાચુ પડે છે એવું માનવાનું કે મનાવવાનું નથી. સર્વેશ્વરીના જીવનમાં સઘળું સ્વામીનું છે. એ સમર્થ સ્વામી સઘળું જાણે છે. ગઈકાલ, આજ કે આવતી કાલ, પૂર્વ કે પશ્ચિમ, આ જન્મ કે અનેક જન્મનું બધુ જ.

મા નિત્ય નોંધમાં એટલે નોંધે છે કે સર્વેશ્વરીના સમર્થ શ્રી હરિ કેવી કેવી લીલા કરે છે! એ લીલા એ પ્રસંગ માને યાદ રહે ને શ્રદ્ધાભક્તિ દૃઢ થતી રહે માટે મા નોંધે છે.

હે હરિ, આપને પ્રણામ. આપની સમર્થ શક્તિને પ્રણામ. અરે, આપની સ્લેટને પણ પ્રણામ. આપની કલમને પણ પ્રણામ.

અને આપની આ સર્વેશ્વરીને પણ પ્રણામ. બસ. પ્રણામ, પ્રણામ, પ્રણામ. સૌને પ્રણામ. સૌને વંદી વંદીને વ્હાલા પ્રભુને જીતી લેવાના.

વંદન ભક્તિથી બધાં જ કાર્યો સફળ થતાં રહે છે—તો સૌને વંદન.

આજે આ કલમ આ પ્રસંગ નોંધે છે એનું કારણ ભાઇ હેમલનો ફોન છે.

હેમલે વાત કરી ત્યારે એક બીજો પ્રસંગ પ્રસાદ પામ્યાનો આનંદ થયો.

તા. ૨૫ મીએ ભાઇ સ્નેહલનો વડોદરાથી સંદેશ હતો, આવતી કાલે માનો પ્રાગટ્યદિન છે. તો અમે જે ટ્રેઇન મળે તેમાં બેસીને મુંબઇ આવીએ? ટ્રેઇન ના મળે તો બસમાં આવીએ. માત્ર ૫ મિનિટ માત્ર દર્શન જ કરવાં છે.

મા ભારતમાં હોય, પ્રાગટ્ય દિન હોય અને અમે વડોદરામાં હોઇએ એ અમને શોભતું નથી. મા આપની આજ્ઞા માગીએ છીએ.

શ્રી નીલાબેન આ સંદેશ માને આપે છે. શ્રી મંજુલાબેન આજે જ ટ્રેઇનમાં ઊભા ઊભા આવ્યાં છે. સ્નેહલ સાથે તેજલ અને નાનકડો રથી પણ આવવા ઇચ્છે છે.

આ બધી જ વાત સાંભળી મા સ્નેહલને ફોન જોડાવે છે.

“શા માટે આવવું છે?”

“પ્રાગટ્ય દિને માત્ર પ્રણામ કરવા જ. આપ યાત્રામાં પ્રસ્થાન કરશો ત્યારે માત્ર નીચે ઊભા રહીને દર્શન કરી લઇશું.”

પૂ. મા : “તમે આવો તે તો માને ખૂબ ગમે. પણ શા માટે



મુંબઇ સુધી અથડામણ કરવી છે? ૧૫ દિવસ પછી મા સ્વર્ગારોહણ આવશે ત્યારે મળશે. તે દિવસે જ જન્મદિન છે તેમ માની લેજો.”

“ના, મા. આપને પ્રણામ કરવાની તેજલની ખૂબ ઇચ્છા છે. અમે ત્રણે જે કોઇ ટ્રેઇન કે બસ મળે તેને માટે હમણાં સ્ટેશન ઉપર જ ઊભાં છીએ.”

પૂ. મા : માની વાત આ વખતે માની જાવ. ના આવતાં મુંબઇ. પણ મા અમે પાંચ જ મિનિટ માટે આવીશું. આપનો સમય ના બગાડીએ.

અરે, ઓ સ્નેહલ—તેજલ સાંભળો. મા હાથ જોડીને આપને કહે છે કે ના આવતાં. નાનકડા રથીને ભીડમાં કેટલા બધાના શ્વાસોમાં ઇન્ફેક્શન લાગી જાય. તો રથીને લીધે મા ફરી વિનંતી કરે છે ના આવતા.”

સ્નેહલ : સારુ મા. અમે નહીં આવીએ. આપની આજ્ઞા શિરોમાન્ય. આપે વિનંતી કરવાની ના હોય. અમે હવે ઘરે જ જઇએ છીએ. પ્રાગટ્ય દિને આપના ચરણોમાં અમારા ત્રણના પ્રણામ.

જય કૃપાળુ મા.

તા. ૨૫ ની એ ફોન ઉપરની વાતના અનુસંધાનમાં આજે તા. ૨૭ મીએ હેમલ ફોન ઉપર કહે છે.

સ્નેહલ કહેતો હતો સારું થયું—અમે મુંબઇ ના ગયા તે. જે દિવસે અમે જવા નીકળવાના હતા તે જ રાતથી રથીને સખત તાવ છે. હજી આજે પણ છે. મા જાણતાં હતાં માટે જે રથીને લીધે મુંબઇ ના આવો એવું કહ્યું.

આ સ્લેટ રથીને નિમિત્ત કરીને કેવું લખી ગઇ!

મુનીમ લખે શેઠ લખાવે તે.

હે શેઠ, શામળિયા શેઠ, શ્રી સદ્‌ગુરુ શેઠ આપે જે રથીની રક્ષા કરવા મુંબઈ આવવાની ના પાડી.

હે સમર્થ શેઠ, આપને એક જ પ્રાર્થના છે કે આપની પેઢીનાં દરેક કાર્યો ખાસ કરીને અમને જ સોંપજો અમારી પાસે જ કરાવજો. વેઠ કરાવવી હોય તો વેઠ કરાવજો. મજૂરી કરાવવી હોય તો તે કરાવજો. આપને દ્વારે ચોકી કરાવવી હોય તો તે કરાવજો. લહિયો બનાવીને લખાવ્યા કરવું હોય તો તે કરાવજો.

પણ, આપના દ્વારેથી અમને સતત આપનું કામ મળતું રહો. એ કામ થાક્યા વિના, કંટાળ્યા વિના કરી શકાય એવા આશીર્વાદ આપો.

આજે જાણે શ્રી હરિની લીલાની સ્મરણયાત્રા ચાલી રહી છે. આ કલમ હવે ભૂતકાળના બે પ્રસંગોનું સ્મરણ કરી રહી છે. એ લખવા જ પડશે એવું લાગે છે. શ્રી હરિ ક્યાં કદી ધાર્યું કરાવ્યા વિના છોડે છે? આજે પણ એ લખાવશે જ. તો માને પણ ક્યાં કોઈ વાંધો છે?

ઘણાં વરસોની વાત છે. હરિદ્વાર હતાં. સાથે ૪૦,૫૦ ભક્ત બાળકો હતા.

એક દિવસ પંડિતજી માને કહે છે.

મા મારે આજે જ વડોદરા જવું પડશે.

કેમ?

ભી(અમારા પિતાજી)ને એટેક આવ્યો છે. હોસ્પીટલમાં છે ફોનથી જાણી લો. તમે તો નાના છો. બે મોટાભાઈ તો છે. ભી તો પાછા ઘરે આવી જશે. શા માટે જવું છે?

હા, મા. તો હું ત્યાં જણાવી દઉં છું કે હું આવવાનો નથી.



અને પંડિતજી રોકાઈ ગયા.

પિતાજી સ્વસ્થ થઈ ગયા. ઘરે આવી પણ ગયા.

પિતાજીની રક્ષા થઈ ગઈ. પોતાનું કામ પણ કરવા લાગ્યા. સમય વીતી ગયો.

વખતને વીતતાં ક્યાં વાર લાગે છે?

૧૯૯૪ની ગુરુપૂર્ણિમા આવવાની તૈયારી હતી. વાવથી બેન આશા, વડોદરાથી પૂર્ણિમા, કર્પૂરવનથી દમયંતી—એ ત્રણે બેનો વિચારે છે કે આ વર્ષની ગુરુપૂર્ણિમાએ મા મુંબઈ છે તો આપણે જઈએ અને માને વિનંતી કરીને માનું પૂજન કરીએ.

પૂજન માટે આપણે વડોદરાથી પંડિતને પણ સાથે લઈ જઈએ. શાસ્ત્રોક્ત પૂજન માનું પંડિત કરાવશે.

અને ગોઠવાઈ ગયું. મુંબઈ નીલાબેનને જાણ કરી કે અમે ત્રણ અને પંડિત ગુરુપૂર્ણિમાએ મુંબઈ આપને ત્યાં આવીશું. આપણે બધા સાથે મળી માનું શાસ્ત્રોક્ત પૂજન કરીશું.

માને પણ એ સંદેશ મળી ગયો. બે ત્રણ દિવસ પછી પંડિતને મા ફોન કરાવે છે.

આશા, પૂર્ણિમા, દમયંતી ભલે મુંબઈ આવે. પણ તમારે મુંબઈ આવવાનું નથી. તમે ઘરે જ વડોદરા રહેજો. પૂજનની જરૂર નથી.

જેવી મા ભગવતીની ઇચ્છા. આપે પૂજન માટે સંમતિ આપી હોત તો અમને ખૂબ આનંદ થાત. પણ આપ તો મને વડોદરા છોડવાની અને મુંબઈની પણ ના જ પાડો છો તો જેવી આપની આજ્ઞા.

મા ભગવતીના ચરણે પ્રણામ.

ગુરુપૂર્ણિમાના ૭ દિવસ પહેલાં મા પંડિતને સાફ ના પાડે

છે. ગુરુપૂર્ણિમાએ ના આવતા. પંડિત માની ગયા. અને વડોદરા જ રોકાઈ ગયા. ત્રણ બેનો આવી ગઈ મુંબઈ.

ગુરુપૂર્ણિમાના દિવસે પંડિત વડોદરા જ હતા. રાતે પિતાજી સાથે ટી.વી. ઉપર પ્રોગ્રામ પણ જોયા.

અને રાતે અચાનક હાર્ટએટેક આવ્યો. અને પિતાજીનો દેહ શાંત થઈ ગયો!

પિતાજીએ અચાનક વિદાય લીધી. છતાં પંડિતે ઘરના સૌને ખૂબ હિંમત આપી. મધ્યરાત્રિએ દેહ શાંત થયો. સ્નાન કરાવ્યું ને શાસ્ત્રોક્ત પૂજન પિતાજીનું પંડિતે કરાવ્યું ને પછી જ સવારે સૌ સગા સ્નેહીને જાણ કરી. અંતિમ ક્રિયા પણ થઈ ગઈ.

પંડિત વિચારે છે કે સારું થયું માએ મને મુંબઈ આવવાની ના પાડી.

પિતાજીની માંદગીના પ્રસંગે વડોદરા જવાની માએ મને ના પાડેલી ત્યારે હું હરિદ્વાર હતો. છતાં મને વડોદરા જવા ના દીધો.

અને આ ગુરુપૂર્ણિમાએ પિતાજી સ્વસ્થ હતા છતાં ઘરે જ રહેવાની વાત કરી. મુંબઈ આવવાની સાફ ના પાડી.

તો એ બન્ને પ્રસંગે માની જે વાત હતી, તે માની તો મંગલ જ થયું ગણાય.

બન્ને પ્રસંગોએ માએ તો વિરોધી જ વાત કરી ગણાય. પિતાજી અસ્વસ્થ હતા ત્યારે હરિદ્વારથી જવાની મને ના પાડી.

અને પિતાજી સંપૂર્ણ સ્વસ્થ હતા ત્યારે ઘરે જ રહેવાની વાત કરી.

પણ બન્ને પ્રસંગે માની વાત મારા લાભમાં જ હતી.

આ સ્મરણયાત્રાના આ પગથિયા ઉપર પણ પ્રભુ જ ઊભા



ઊભા માને કહી ગયા કે હું જેવું સૂઝાડું તેવું કરો.

એટલે માને લાગે છે કે પરબ્રહ્મ પરમાત્મા, પ્રભુગુરુ ભગવાનનું રાજ તો વરસોથી ચાલે છે. જાણે આ સર્વેશ્વરી જ એનું મુખ્ય કાર્યાલય. અહીંથી જ બધા હુકમનામા બહાર પડે. એ કાર્યાલયનો સઘળો વહીવટ ગુરુ ભગવાન જ સંભાળે છે એણે કદી સર્વેશ્વરીને વિવેક ખાતર પણ પૂછ્યું નથી કે કાર્યાલય શરૂ કરું? કે બધો જ વહીવટ હું હાથમાં લઉં કે?

જો કે એ સર્વેશ્વરીના સમર્થ હરિને પ્રિય પાત્રોના જીવનમાં ઘૂસ મારવાની ટેવ પડી છે. એ ઘૂસ મારે છે તો જ ફાવે છે. પૂછી પૂછીને આવે તો તો કોઈ જ ના આવવા દે.

જીવનો સ્વભાવ છે શિવને ઝટ જીવનમાં પ્રવેશવા ના દે. ઠોકર ખાય, વાગે, ઉંડા ઘા પડે. નિરાશા—હતાશા ઘેરીવળે, ક્યાંયે કશું પોતાનું ના નિપજે ત્યારે ના છૂટકે જીવ હાથ જોડે. પ્રભુને તેડે. પ્રભુને સોંપે.

જીવ ગરજ હોય ત્યારે જ તેડે છતાં શિવને ખોટું ના લાગે. એ તો જાણે એવરરેડી બેટરી. જ્યાં જ્યાંથી જ્યારે જ્યારે આમંત્રણ મળે કે તરત જ શિવ અધરાત, મધરાત, ગરીબ, તવંગર, ઊંચ, નીચ, દેશ, વિદેશ, આસ્તિક, નાસ્તિક, દુર્જન કે સજ્જન, બાળક કે યુવાન સ્ત્રી કે પુરુષ કોઈ પણ મુદ્દા વિચારતો નથી.

દોડી જાય છે તે તે જીવમાં પ્રવેશીને પોતાની પથારી પાકી કરવામાં મંડી પડે છે. સન્માન કે અપમાન, ટીકા કે પ્રશંસા, પુષ્પહાર કે પ્રહાર કંઈ જ તેને સ્પર્શી શક્તું નથી.

કેટલી બધી ઉદારતા? કેવી ને કેટલી તત્પરતા? પળમાં કેવો પોકાર સાંભળી લે? અને વિના વિલંબે દોડી જાય. એવા એ

સમર્થનાથને પામીને સર્વેશ્વરી તો ધન્ય થઇ ગઇ છે.

હે પ્રભુ, હે નાથ, એવી ધૂસ કાયમ મારતા રહેજો. પ્રેમથી જ પથારી પાકી કરતા રહેજો. તેડીએ કે ના તેડીએ, સ્મરીએ કે વિસ્મૃત કરીએ છતાં હે સવેશ્વરીના નાથ કાયમ કાજે પધારજો. કાયમ કાજે વસજો. ક્યાંયે ના જતા. એ જીવન આપનું માનજો. એ કાર્યાલય આપનું જ રાખજો. એ પથારી પ્રાણપ્યારી કરજો. સર્વેશ્વરીને સનાથ કરજો. આ સર્વેશ્વરી અમારી સંપતિ છે, એવું ગૌરવ લેજો. આ જીવન ઉપર આપના બધા જ હક્ક સુરક્ષિત રાખજો.

હે પ્રાણપ્રિય પ્રભુ પ્રણામ, પ્રણામ, પ્રણામ. પ્રેમથી પ્રણામ. પ્રારંભે પ્રણામ. મધ્યમાં પ્રણામ. પૂર્ણાહુતિએ પ્રણામ. જીવનમાં પ્રણામ. મૃત્યુમાં પ્રણામ. સર્વ અવસ્થામાં પ્રણામ, પ્રણામ, પ્રણામ.

**(ક્રમશઃ)**


વિવેકના વધારાથી સુખ છે, ને અવિવેકથી દુઃખ છે.

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.




# ભગિની નિવેદિતા

**ધીરજબેન નાણાવટી**

કોણ હતાં ભગિની નિવેદિતા? આપણને સ્વપ્ને ય ખ્યાલ ન આવે કે એક આયર્લેન્ડના નાના ગામ ડનગાનોમમાં જન્મેલાં સન્નારી, ભારતની 'લોકમાતા'નું ઉપનામ (શ્રી રવિન્દ્રનાથ ટાગોરે આપેલું નામ) પ્રાપ્ત કરીને પોતાની જિંદગીનું સમર્પણ ભારતની સેવા અર્થે કરવા માટે જન્મયાં હશે. ખુદ શ્રી વિવેકાનંદે તેમને બ્રહ્મચારિણીની દીક્ષા આપીને 'નિવેદિતા'ના નામથી નવાજ્યાં કારણ કે ''નિવેદિતા''નો અર્થ– 'સમર્પણ થયેલી'. તેમનું મૂળ નામ હતું માર્ગરેટ એલિઝાબેથ નોબલ. તેમનો જન્મ ઇ.સ.૧૮૬૭ના ઓક્ટોબર માસની ૨૮મી તારીખે થયો હતો. તેમનાં પિતાનું નામ હતું સેમ્યુઅલ રિચમંડ નોબલ અને માતાનું નામ હતું મેરી. માર્ગરેટના દાદા તથા પિતાએ ચર્ચમાં પાદરી તરીકે કામ કર્યું હતું. તેઓ પ્રખર દેશભક્ત હતા. માતા પણ દેશભક્ત પિતાનાં પુત્રી હતાં. આવા તેજસ્વી અને ધાર્મિક કુંટુંબમાં તેમનો ઉછેર થયો હતો. સંજોગવસાત્ વિધિના વિધાન સાચાં પાડવા માટે માર્ગરેટના જન્મ વખતે તેમના માતાના મનમાં એક જાતની બીક બેસી ગઇ હતી કે પોતાનું બાળક જીવશે કે કેમ! ધાર્મિક સંસ્કાર હોવાને કારણે માતાએ ઈશ્વર પાસે શ્રદ્ધાથી પ્રાર્થના કરી; જો મારું બાળક હેમખેમ જન્મશે તો તે બાળકનું સમર્પણ હું પ્રભુસેવા માટે કરીશ. બીજી બાજુ જ્યારે તેમનાં પિતાને માતાની લીધેલી માનતાની ખબર પડી ત્યારે તેમણે પણ હસતાં હસતાં મેરીને કહેલું, જોજે ને, તારું

બાળક પ્રભુસેવા કરવાને બદલે હાથમાં બંદૂક લઈને અંગ્રેજો સામે લડવા નીકળશે. ત્યારે તેમની માતાએ ઉત્સાહથી જવાબ આપ્યો કે, ''ભલેને એ બંદૂક લે. એ તો દેશસેવા ગણાશે અને દેશસેવા કાંઇ કમ ન ગણાય.'' આમ બંન્ને માતાપિતાના શબ્દો સાચા પાડવા માટે માર્ગરિટનો જન્મ થયો હોય તેમ લાગતું હતું. તેમના પિતાશ્રી દિનદુખિયાની સેવા કરતાં હોય ત્યારે તે ત્યાં જતી અને સેવાના કામમાં જોડાઇ જતી. એક વાર ભારતથી એક ધર્મગુરુ સેમ્યુઅલને મળવા આવ્યા. તેમણે જ્યારે આ તેજસ્વી બાળકીને જોઇ ત્યારે બોલી ઊઠ્યાં :

''સેમ્યુઅલ, તારી દીકરી કોઇ અજ્ઞાત પણ મહાન પ્રેરણાથી દોરાઈને ભારત જશે અને ત્યાં એનું જીવનધ્યેય પૂરું કરશે.'' આ વાતે તેમના પિતા પર જબરજસ્ત અસર કરી. તેથી તેઓ જ્યારે મરણપથારી પર પડ્યા હતા ત્યારે પોતાની પત્ની મેરીને બોલાવીને કહ્યું : ''મને વચન આપ કે કદી પણ ભારતને માર્ગરિટની જરૂર પડે, તો તારે પુત્રીપ્રેમ આગળ કરી તેને ભારત જતાં રોકવી નહીં. તારે રાજીખુશીથી તેને રજા આપવી.'' અને મેરીએ પણ પતિને આપેલું વચન પાળ્યું પણ ખરું. મોટાં થઈને માર્ગરિટ શિક્ષિકાનું કામ કરતાં હતાં.

માર્ગરિટના જન્મ સમયે અંગ્રેજો હિંદુસ્તાન પર રાજ્ય કરતા હતા. દેશમાં ગરીબી, અજ્ઞાનતા, કંગાલિયત, ઘોર નિરાશા છવાઈ ગઇ હતી. અંગ્રેજો જેટલો લાભ લેવાય તેટલો લેતા હતા, પણ પ્રજા માટે કંઇ કરતા નહોતા. તે સમયે મહાન, સમર્થ દેશભક્તો, સંતો વગેરે પણ જન્મ્યા હતા. તેમાંના એક તો અજોડ વીર સમા, દુનિયાભરમાં પ્રખ્યાત થયેલા સ્વામી વિવેકાનંદ હતા. તેમના ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસ એક મહા



સમર્થ વિભૂતિ ગણાય તેવા દૈવી પુરુષ હતા. સ્વામી વિવેકાનંદે સંન્યાસ લીધો હતો, પણ તેમની દેશદાઝ અને દેશભક્તિ કોઇથી ઉતરે તેવી નહોતી. ૧૮૯૩ માં સ્વામી વિવેકાનંદે શિકાગોમાં ''વિશ્વધર્મ પરિષદ''માં પ્રવચન આપ્યું ને તેમના વિચારો, વકતૃત્વકળા તેમ જ જ્ઞાનથી પ્રભાવિત થઇને લોકોએ તેમને બહુમાન આપ્યું ને એકાએક જ જગતભરમાં તેમનું નામ પ્રખ્યાત બની ગયું. ત્યાર પછી બે વર્ષ અમેરિકા રહીને તેઓ ૧૮૯૫ ના નવેમ્બરમાં લંડન આવ્યા, ત્યાં પણ તેમની સાદાઈ, તેજસ્વીતા, જ્ઞાન ને સેવાની ભાવના જોઇને લોકો ખૂબ પ્રભાવિત થયા. નસીબજોગે આપણાં ભગિની નિવેદિતા એક નાની સભામાં વિવેકાનંદને સાંભળવા ગયાં ને પ્રથમવાર જ સ્વામીજીને જોતાં ને સાંભળતા જ તેઓ તેમનાથી ખુબ પ્રભાવીત થઇ ગયાં. તેમને લાગ્યું કે કોઇ મહાન દિવ્ય આત્મા જ આધ્યાત્મિક જગતમાં લોકોને જગાડવા માટે આવ્યો છે. ત્યાર પછી તો માર્ગરિટ નિયમિત રીતે પ્રવચન સાંભળવા જતાં ને મનોમન સ્વામીજીને પોતાના ગુરુપદે સ્થાપી પણ દીધા હતા.

આખરે તેમણે પત્રવ્યવહાર દ્વારા પોતાની ભારત જવાની ઈચ્છા વ્યક્ત કરી. સ્વામીજી હિંદુસ્તાનની ગરીબાઇ, અજ્ઞાનતા વગેરેથી પૂરેપૂરા વાકેફ હતા અને સાથેસાથે માર્ગરિટ તો ઈંગ્લેંડમાં કેવી રીતે ઉછર્યાં હતાં તેની પણ તેમને ખબર હતી. તેથી તેમણે જવાબમાં પોતાના આદર્શો વિશે માર્ગરિટને જાણ કરી અને સાથે સાથે ચેતવણી પણ આપી કે ભારતની આબોહવા તેમજ પ્રતિકૂળ સંજોગોમાં તેઓ કદાચ નહીં રહી શકે. ભારતમાં આવીને ભારતીય રીતે રહીને જ કામ કરે એ યોગ્ય ગણાય. સ્વામીજી પણ માર્ગરિટની બરાબર પરીક્ષા કરી રહ્યા હતા.

છેવટે માર્ગરિટે શ્રી સ્ટર્ડી તેમ જ શ્રીમતી મૂલરના મારફત સ્વામીજીને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે તેને ભારત આવવાની મંજુરી આપે. ત્યારે સ્વામીજીએ લખ્યું કે, ''હું તમને બહુ નિખાલસતાથી કહું છું કે ભારત આવી ભારતમાં કામ કરવા માટે તમારું ભાવિ બહુ ઉજ્જવળ છે. એક પુરુષ કરતાં એક સ્ત્રીની અહીં કામ કરવા માટે ખૂબ જરૂર છે. એક સિંહણ સમી નીડર સ્ત્રી જે અહીંની સ્ત્રીઓને જાગ્રત કરી શકે, એવી સ્ત્રીની અમને ખાસ જરૂર છે. ભારત પાસે અત્યારે આવી કોઇ સ્ત્રી નથી તેથી એને બીજા દેશ પાસેથી આવી સ્ત્રી મેળવવી જરૂરી છે.'' સ્વામીજી જાણતા હતા કે માર્ગરિટનું શિક્ષણ, નિખાલસતા, પ્રેમભાવ સેવા કરવાની પવિત્ર ભાવના તેમ જ મુશ્કેલીઓનો હિંમતપૂર્વક સામનો કરવાનું મનોબળ આ જાતના કામ માટે યોગ્ય હતું, છતાં પણ તેમણે માર્ગરિટને ફરીથી ચેતવણી આપી કે ભારતમાં કામ કરવા માટે ભારે મુશ્કેલીઓ વેઠવી પડશે. દા. ત. જાત જાતના વહેમો, સંકુચિત વિચારો, ચુસ્ત આભડ-છેટમાં માનનારા સ્ત્રી પુરુષો વચ્ચે રહીને કામ કરવાનું, ગોરી ચામડીવાળાનો તિરસ્કાર, અસહ્ય ગરમી, સાધન સામગ્રીની અછત વગેરે વગેરેથી કદાચ કંટાળી પણ જવાય. પછી ઉમેર્યું પાછા ફરવાનો વિચાર આવે તો પણ તેઓ કાયમ માટે તેમની પડખે ઊભા રહેવા તૈયાર છે. શરત માત્ર એટલી જ છે કે તેમણે પોતાના પગ પર ઊભા રહેવું પડશે. માર્ગરિટ તો કોઇ પણ હિસાબે આવવા તૈયાર જ હતાં. તેથી ઇ. સ. ૧૮૯૮ ની શરૂઆતમાં જહાજ મારફતે ભારત આવવા નીકળી પડ્યાં. તેમની સ્વામીજી પ્રત્યેની અડગ શ્રદ્ધા તેમ જ નિષ્કામ ભાવે સેવા કરવાની તમન્ના તેમને ભારત ખેંચી લાવી.



માર્ગરિટ ભારતમાં કલકતામાં આવ્યાં પછી સ્વીમીજીએ થોડો વખત માટે તેમને હરીફરીને બધું જોવા જાણવા માટે સમય આપ્યો. કલક્તાના પ્રખ્યાત અને અગ્રગણ્ય કહેવાતાં કુંટુંબો સાથે પરિચય કરાવ્યો, દા.ત. વૈજ્ઞાનિક શ્રી જગદીશચંદ્ર બોઝ, રવિન્દ્રનાથ ટાગોર વગેરે વગેરે. ત્યાર પછી સ્વામીજીના બે અંગ્રેજ શિષ્યા પણ કલક્તા આવી પહોંચ્યાં. તેથી આ બહેનોનો મેળાપ થયો ને તેઓએ સાથે જ મઠ મંદિર, ધર્મસ્થાનોની મુલાકાત લીધી. તે વખતે શ્રી શારદામણિ કલક્તામાં રહેતાં હતાં તેથી તેઓ ખૂબ જ ઉત્સાહથી શ્રી શારદામણિના દર્શને ગયાં અને શ્રી શારદામણિ માએ ''આવો, દીકરીઓ!'' કહીને ભાવથી સ્વાગત કર્યું. આમ ભાષા ન જાણવા છતાં પૂ. શ્રી માએ જે વાત્સલ્ય ભાવ દર્શાવ્યો તેનાથી ત્રણે જણ ગદગદ્ બની ગયાં, જ્યારે પૂ. શ્રી માએ તેઓની સાથે બેસીને પ્રસાદ લીધો ત્યારે તેઓ ખૂબ જ આનંદ પામ્યાં. પૂ. શ્રી માએ ત્રણે બેનોને પૂરેપૂરી અપનાવી લીધી કારણ કે તે વખતનો હિંદુ સમાજ બહુ રૂઢીચુસ્ત હતો. પણ પૂ. શ્રી માને ખબર હતી કે આ ત્રણે બેનો પ્રેમાળ ને સેવાભાવી છે ને તેમની ઘણી જરૂર છે, જ્યારે સ્વામી વિવેકાનંદને આ વાતની જાણ થઇ ત્યારે ખૂબ જ આનંદ પામ્યા. આમ ત્રણે બહેનો બંગાળી ભાષા શીખવામાં, હિંદુ સંસ્કૃતિથી પરિચિત થવામાં તેમ જ ત્યારની પરિસ્થિતિ સમજવામાં દિવસો વિતાવા લાગ્યાં. એટલામાં તો ૧૮૯૮ના માર્ચ મહિનાની ૨૫મી તારીખે શુભ પૂજાનો દિવસ હતો ત્યારે સ્વામિજી માર્ગરિટને નીલાંબર મુખરજીને બગીચે મઠમાં લઇ ગયા ને માર્ગરિટ પાસે શિવપૂજા કરાવી ને બ્રહ્મચારીણીની દીક્ષા આપી. તેમને નવા નામથી નવાજ્યાં, ''નિવેદિતા—સમર્પણ થયેલી.''

ત્યાર પછી ભગવાન બુદ્ધને ચરણે ફૂલ ચઢાવવા કહ્યું ને ગળગળતા અવાજે આશીર્વાદ આપતાં બોલ્યા, "જાઓ અને એમને પગલે ચાલો, જેમણે પોતાને બુદ્ધની સિદ્ધિ મળતાં પહેલાં બીજાના ઉત્કર્ષ માટે, હિત માટે પાંચસો વાર પોતાની જિંદગી અર્પણ કરી હતી." આ દિવસ નિવેદિતાનો જિંદગીમાં કાયમને માટે સુવર્ણ દિન બની ગયો.

દીક્ષા આપ્યા પછી સ્વામી વિવેકાનંદે નિવેદિતાના જીવનનું ઘડતર કરવાનું કામ શરૂ કર્યું. એક મહાન કેળવણીકાર તરીકે સ્વામીજીએ નિવેદિતાને જાતજાતનું શિક્ષણ આપવાનું કામ શરૂ કર્યું. તેઓ જાણતા હતા કે નિવેદિતાએ સર્વ સમર્પણ કરીને પોતાનો દેશ છોડીને ભારતની જ સેવા કરવા માટે જ આખું જીવન વ્યતિત કરવાનું નક્કી કર્યું છે, તેથી તેમને મઠમાં બીજા સાધુ સન્યાસી તેમ જ કાર્યકર્તા સાથે પણ સારી રીતે હળતાં–મળતાં કરી દીધાં. સૌ નિવેદિતા માટે માન, પ્રેમ વગેરે દર્શાવવા લાગ્યાં. આ સમય દરમ્યાન કલક્તામાં મરકીનો રોગ ફાટી નીકળ્યો ને રાહત કાર્ય કરવાની જરૂર ઊભી થઇ. સ્વામીજીએ તરત જ પોતાનાં ગુરુબંધુઓ તથા નિવેદિતા જેવા સેવકોને રાહત કાર્યમાં જોડી દીધા ને લોકોને આશ્વાસન આપવાનું તેમ જ સારસંભાળ રાખવાનું કામ સોંપી દીધું. ધીમેધીમે રોગચાળો ઓછો થયો ને રાહત કાર્યની જરૂરિયાત ઓછી થઇ, પછી સ્વામીજી ત્રણે બેનોને ઉત્તર ભારતની યાત્રાએ લઇ ગયા ને ભારતની અલૌકિક ભવ્યતાના દર્શન કરાવ્યાં. નિવેદિતાએ પોતાને થયેલા મનોરમ અનુભવોનું પુસ્તક પણ લખ્યું છે. એ પુસ્તકમાં નિવેદિતાએ સ્વામીજી પ્રત્યેની અપાર શ્રદ્ધા, આદર અને પવિત્રતા વિશે સુંદર વર્ણન કર્યું છે. સાથે સાથે સ્વામીજીએ



ભારતની કંગાળ દશાના પણ દર્શન કરાવ્યાં તેથી દ્રવી ઊઠતા હૃદયનો પરિચય પણ કરાવ્યો. આ પ્રવાસ દરમ્યાન નિવેદિતાને એક બીજો ફાયદો પણ થયો. તેમની સાથે પ્રવાસ કરતા સ્વામી સ્વરૂપાનંદજીએ નિવેદિતાને બંગાળી ભાષા તેમ જ ધાર્મિક ગ્રંથોનું જ્ઞાન પણ આપ્યું. શ્રીમદ્ ભગવત ગીતાનું રહસ્ય પણ સમજાવ્યું અને ધ્યાન કરતાં પણ શીખવાડ્યું. નિવેદિતાને સમજાવ્યું કે "આધ્યાત્મિકા એક ગુણ છે અને તે હોવો જોઇએ. જેમ મનુષ્ય હૃદય પ્રેમ માટે ઝંખે છે તેમ જીવ પરમેશ્વર માટે ઝંખે છે." આમ આ પ્રવાસ દરમ્યાન બીજા અનેક ગુણોની સમજ દા.ત. સંયમ, ત્યાગ, અલિપ્તતા વગેરે પણ તેમને મળી. હવે તેઓ સ્ત્રી કેળવણીનું રચનાત્મક કામ કરવા ઉત્સુક બન્યાં.

**(ક્રમશઃ)**

જે પ્રભુનું નામ રટે છે તેની યમરાજને પણ બીક લાગે છે. **—રામકૃષ્ણ પરમહંસ**

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**
મોબાઇલ : **૯૩૭૪૭૧૦૩૦૪**

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# કોઈપણ 'કર્મનો હું કર્તા નથી'—એ ભાવથી મુક્ત થવાય

(ગતાંકથી ચાલુ) **સ્વામી ચિદાનંદ સરસ્વતી**

દસ ઇન્દ્રિયોના વિષયમાં તો આપણે સમજી લીધું. પાંચ પ્રાણ તો પ્રત્યક્ષ જ છે અને પાંચેયનું કાર્ય અલગ અલગ છે. શરીરમાંથી જે શ્વાસ બહાર નીકળે છે તે 'પ્રાણ' કહેવાય છે અને જે શરીરની અંદર જાય છે તેને 'અપાન' કહે છે. આ પ્રમાણે બાકીના ત્રણ પ્રાણોના પૃથક્ પૃથક્ ધર્મ છે.

હવે અંતઃકરણની રચના જુઓ. તે અગિયારમી ઇન્દ્રિય છે અને તેનો અર્થ થાય છે—અંતઃ અર્થાત્ અંદર, કરણ અર્થાત્ ઇંદ્રિય. જેવી રીતે દસેય ઇંદ્રિયોને રહેવા માટે શરીરમાં જુદાં જુદાં નિશ્ચિત સ્થાન છે, એ મુજબ આ અગિયારમી ઇંદ્રિયને (નિશ્ચિત સ્થાન) નથી. એ તો સમગ્ર શરીરમાં વ્યાપ્ત રહે છે અને તે જ કારણે તેનું નામ અંતઃકરણ પડ્યું છે.

સૂક્ષ્મ શરીર પંચમહાભૂતોના સૂક્ષ્મ અંશોમાંથી બનેલું હોય છે. તે કારણે તે સૂક્ષ્મ શરીર કહેવાય છે. આ સમગ્ર સૂક્ષ્મ શરીરમાં સાચું કાર્ય કોઈનું હોય તો તે અંતઃકરણનું છે. તે પંચમહાભૂતના શુદ્ધ સાત્ત્વિક અંશોમાંથી બનેલું હોવાને કારણે રચનામાં અત્યંત સૂક્ષ્મ છે અને તે કારણે તે સમગ્ર (સ્થૂળ) શરીરમાં વ્યાપ્ત રહી શકે છે.

હવે આત્માના વિષયમાં થોડું સમજીએ. આપણે પહેલાં જ કહી ચૂક્યા છીએ કે આત્મા સ્વભાવથી જ ચેતન પદાર્થ છે તો પણ સ્વયં તે કંઈ કરતો નથી, તેથી સત્તા માત્ર કહેવાય છે.



ગીતામાં લખ્યું છે કે આત્મા સમગ્ર શરીરમાં વ્યાપ્ત રહે છે.

**यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।**
**सर्वत्रावस्थितो देहे तथाऽत्मा नोपलिप्यते ॥** (ગીતા ૧૩–૩૨)

અર્થાત્ આકાશ જેવી રીતે શરીરમાં તેમ જ બહાર સર્વત્ર વ્યાપ્ત છે, તથાપિ અતિ સૂક્ષ્મ હોવાને કારણે બીજાના ધર્મોથી તે લેપાયમાન થતું નથી, તેવી જ રીતે આત્મા પણ સમગ્ર શરીરમાં તેમ જ બહાર સર્વત્ર વ્યાપીને રહે છે તથાપિ શરીરના તથા જગતના વ્યવહારથી લેપાયમાન થતો નથી. સરખામણીમાં આકાશની અપેક્ષાએ તો ઘણો વધારે સૂક્ષ્મ છે. અર્થાત્ આકાશ-ને જ જ્યાં શરીરના ધર્મ સ્પર્શ નથી કરી શકતા તો પછી તે આત્માને તો કેમ સ્પર્શ કરી શકે?

હવે, માનવ શરીરની વીજળીના દીવા સાથે સરખામણી કરી જુઓ, જેથી એ સહજ રીતે સમજાઈ જશે કે ક્રિયા કઈ રીતે સંપાદિત થાય છે તથા તેનાથી 'કર્મનો કર્તા કોણ છે?' એ પ્રશ્નનું સમાધાન પણ તરત જ થઈ જશે. વીજળીના દીવામાં બહાર કાચનો ગોળો હોય છે, તે વીજળીનો પ્રકાશ ઝીલવામાં સમર્થ નથી તે મુજબ સ્થૂળ શરીર પણ આત્માનો પ્રકાશ ઝીલવાને સમર્થ નથી. તથાપિ જેવી રીતે કાચના ગોળા વિના વીજળીને ગ્રહણ કરવાવાળું ચકરડું (ફીલામેન્ટ) રહી શકતું નથી તેવી રીતે સ્થૂળ શરીરના આવરણ વિના સૂક્ષ્મ શરીર એકલું રહી શકતું નથી. વીજળીના દીવાની અંદરનું ચકરડું જેવી રીતે વિદ્યુત-શક્તિ ગ્રહણ કરીને, સ્વયંપ્રકાશયુક્ત બનીને બહારના ગોળાને પ્રકાશીત કરે છે તે પ્રમાણે અંતઃકરણ આત્માની શક્તિને ગ્રહણ કરીને સ્વયં શક્તિશાળી બનીને ઇંદ્રિયો તથા પ્રાણોમાં શક્તિ-સંચાર કરીને સ્થૂળ શરીરને ચેતનવંતુ બનાવે છે.

હવે, નિર્ણય એ કરવાનો છે કે દીવાનું કામ જે પ્રકાશ આપવાનું છે, તે કરે છે કોણ? વીજળી તો પ્રકાશ આપતી નથી તથા બહારના ગોળામાં પણ પ્રકાશ આપવાની શક્તિ નથી હોતી. એથી પ્રકાશ આપવાનું કામ તો ખરી રીતે ગોળામાં રહેવાવાળું ચકરડું કરે છે. ચકરડું વીજળીના પ્રવાહને ગ્રહણ કરીને પોતે પ્રકાશવંતું થઇને બહારના ગોળામાં પ્રકાશ ફેલાવે છે. આ પ્રમાણે માનવશરીરમાં પણ અંતઃકરણ આત્માના પ્રકાશને ઝીલીને સૂક્ષ્મશરીરને ચેતનવંતું બનાવીને તેના દ્વારા સ્થૂલ શરીરને ચેતનવંતું બનાવે છે. અર્થાત્ શરીરદ્વારા જે જે કર્મ સંપાદીત થાય છે તે વસ્તુતઃ અંતઃકરણદ્વારા જ થાય છે. પરંતુ અંતઃકરણ એકલું કંઇ જ કરી શકતું નથી, તેથી સૂક્ષ્મશરીરને જ કર્મનું કર્તા માનવું જોઇએ અને અંતઃકરણ છેવટે તો સૂક્ષ્મ શરીરનો જ એક ભાગ (અવયવ) છે.

અત્રે, કોઇ વિવેકશીલ પુરુષ કહેશે કે ‘‘જો આટલી જ વાત સમજાવવાની હતી તો એક વાત અનેક રીતે કહેવાની શું જરૂર હતી? આવશ્યકતા એટલી જ હતી કે આ વિષય અત્યંત સૂક્ષ્મ અને અટપટો છે, તેથી આ વાત બરોબર સમજણમાં ઉતરી શકે તે માટે એમ કરવું પડ્યું છે. શ્રીવસિષ્ઠજી ભગવાન રામચંદ્રજીને કહે છે—

**पुनः पुनरिदं राम प्रबोधार्थं मयोच्यते ।**
**अभ्यासेना विना साधो नाभ्युदेत्यात्मभावना ॥**

‘હે પ્રિય રામચંદ્રજી! એકની એક વાત હું વારંવાર કરું છું તે પ્રબોધને માટે. એકની એક વાત અનેક રીતે કરવી એટલા માટે આવશ્યક છે કે દીર્ઘકાળ સુધી વારંવાર સતત અભ્યાસ કર્યા સિવાય આત્મસ્વરૂપની ભાવના પ્રસ્ફૂરિત થતી નથી.’



આટલે સુધી આવતાં આપણે જોઇ લીધું કે આત્મા ચેતન-સ્વરૂપ છે પરંતુ તેના દ્વારા કોઇ પણ કર્મ થતું નથી. સમગ્ર કર્મ-નું સંપાદન સ્થૂળ શરીર દ્વારા જ થાય છે, જેમાં સૂક્ષ્મ શરીરની સત્તા વિદ્યમાન હોય છે. આત્મા તો કેવળ સત્તા પ્રદાન કરનાર દ્રષ્ટા પુરુષ છે, તોપણ અવિદ્યાને લીધે આત્મા પોતાને કર્તા માનીને કર્મના બંધનમાં પડે છે. આ બાબત ગીતા આ મુજબ સમજાવે છે—

**प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।**
**अहंकार विमूढात्मा कर्ताहमिति मन्यते ॥**

**(ગીતા અ. ૩, શ્લોક ૨૭)**

અહીં ભગવાન કહે છે કે સમગ્ર કર્મ શરીરદ્વારા જ થાય છે, પરંતુ અહંકારથી મૂઢ થયેલો આત્મા (પોતાને શરીરરૂપ માની-ને) પોતાને કર્તા માને છે. ચેતનરૂપ આત્મા જ્યારે ભ્રમથી પોતાને કર્તા માને છે ત્યારે તેને ‘જીવ’ કહેવામાં આવે છે. આ મુજબ આત્મામાં જીવભાવ કઇ રીતે આવે છે? આ સમજવું જોઇએ; જેથી તેના જીવભાવને નિવૃત્ત કરી શકાય.

આપણે પહેલાં કહી ચૂક્યા છીએ કે અંતઃકરણ જેવી રીતે સમગ્ર શરીરમાં વ્યાપ્ત થઇને રહે છે તેવી રીતે આત્મા પણ સમગ્ર શરીરમાં વ્યાપ્ત થઇને રહે છે. આત્માના સાન્નિધ્યમાં જ અંતઃકરણ શરીર મારફતે અનેક પ્રકારના ભોગ ભોગવે છે. એ જોતાં જોતાં [1]આત્મા તેમાં આસક્ત થઇ જાય છે અને પરિણામે તેની સાથે તાદાત્મ્ય સંબંધથી બંધાઇ જાય છે. ગીતાની ભાષામાં તેને પુરુષનું ‘પ્રકૃતિસ્થ’ થવું કહે છે.

**पुरुषः प्रकृतिस्थो हि भुङ्क्ते प्रकृतिजान् गुणान् ।**
**कारणं गुण संङ्गोऽस्य सदसद्योनिजन्मसु ॥** (ગી.અ.૧૩—૨૧)

૧. જીવાત્મા.

અંતઃકરણ સાથે એકરૂપતા થઇ જવાથી સૂક્ષ્મશરીર સાથે એકરૂપતા થઇ જાય છે અને પરિણામ સ્વરૂપે સ્થૂળ શરીરની સાથે પણ એકરૂપતા થઈ જાય છે. આ પ્રમાણે આત્માના સ્થૂળ અને સૂક્ષ્મ શરીર સાથેના તાદાત્મ્ય સંબંધનું નામ જ દેહાધ્યાસ છે અને બહુધા તેને હૃદયગ્રંથિ પણ કહે છે.[૧] આ વિષયને યોગવાસિષ્ઠમાં આ પ્રમાણે સમજાવેલ છે.

**यावद् विषय भोगाशा जीवाख्या तावदात्मनः ।**
**अविवेकेन सम्पन्ना साप्याशा हि न वस्तुतः ॥**

---

૧. જડ અને ચેતન બંને વચ્ચે તાદાત્મ્ય સંબંધ કઇ રીતે થઈ જાય છે, તેનું એક સુંદર દૃષ્ટાંત અધ્યાત્મ રામાયણમાં આ મુજબ (રજુ થયું) છે.

**जडस्य चित्समा योगाच्चित्त्वं भूयाधितेस्तथा ।**
**जडसाङ्गज्जडत्वं हि जलाग्नोर्मेलनं यथा ॥**

જડ અંતઃકરણ અને ચેતનરૂપ આત્મા, એક બીજાના સમિપ આવવાને કારણે અંતઃકરણ ચેતનરૂપ થઈ જાય છે. અને અંતઃકરણના ધર્મ આત્મામાં પ્રતિબિંબિત થઇ જાય છે; પરંતુ અવિદ્યાને લીધે એ પરાયા ધર્મને આત્મા પોતાના ધર્મ માની લે છે. અને આ ભ્રમને કારણે જ તેને સંસાર ભ્રમણ પ્રાપ્ત થાય છે.

સ્ફટિકની પાસે લાલ રંગની ફૂલ પડ્યું હોય તો સ્ફટિક લાલ રંગનો દેખાય છે. અહીં જેવી રીતે સ્ફટિકમાં લાલ રંગ કેવળ પ્રતિબિંબિત થાય છે, સ્ફટિક લાલ રંગનો થઇ જતો નથી, તે પ્રમાણે અંતઃકરણના ધર્મ આત્મા(જીવાત્મા કે ચિદાભાસ)માં પ્રતિબિંબિત થાય છે, પ્રવિષ્ટ થતાં નથી. આ પ્રમાણે જન્મ-મરણરૂપ સંસાર કેવળ ભ્રમમૂલક છે. એ જ આ કથનનું તાત્પર્ય છે.

દૃષ્ટાંત દઇને સમજાવે છે. એક સળગતી સગડી પડી છે, તેના ઉપર પાણીનું વાસણ–( **बटुली** )–ઉનમણું રાખો તો અગ્નિના સંગથી પાણી ગરમ થઇ જાય છે અને જો અગ્નિનો એક અંગારો. (પાણીના) તપેલામાં નાંખો તો અંગારો જળની શીતલતાને ગ્રહણ કરી લે છે, અર્થાત્ શીતલ થઇ જાય છે.



દેહને જ પોતાનું સ્વરૂપ માનીને, જ્યાં સુધી વિષય ભોગની લાલસા ( **आशा** ) શરૂ રહે છે, ત્યાં સુધી આત્માને 'જીવ'-નામથી ઓળખવામાં આવે છે. આ આશા, અવિવેકને કારણે પોતાનું સ્વરૂપ ભૂલી જવાને કારણે ઉત્પન્ન થઇ છે, વસ્તુતઃ અસંગ આત્મામાં છે નહીં.

દેહ જે આત્માથી ભિન્ન પદાર્થ છે તથા વિરુદ્ધ સ્વભાવવાળો પદાર્થ છે, તેને આત્મા પોતાનું સ્વરૂપ માની લે છે, તેને દેહાધ્યાસ કહે છે. ઉદાહરણાર્થ, દેહ દુબળો થાય કે જાડો થાય તેનાથી આત્મા પણ પોતાને દુબળો થયો કે જાડો થયો એવું માની લે છે. હૃદયગ્રંથિનો પણ આ જ અર્થ છે. હૃદય અર્થાત્ અંતઃકરણની સાથે આત્માનું એકાકાર થઇ જવું. અંતઃકરણ જડ છે. તેની સાથે ચેતનસ્વરૂપ આત્મા તાદાત્મ્ય સંબંધ બાંધી લે છે અને તેને કારણે શોક–મોહ આદિ અંતઃકરણના ધર્મોની પોતાનામાં કલ્પના (આરોપ) કરી બેસે છે.

હવે, આત્માને જીવભાવ થઇ ગયો છે અને તેને કારણે કેવળ ભ્રમવશ તે જન્મમરણના ચક્રમાં ફસાઇ ગયો છે, તેનાથી આત્માને મુક્ત કેમ કરવો આના ઉપર વિચાર કરો. આપણે જોઇ લીધું છે કે જીવભાવ આવવાનું કારણ અંતઃકરણની ભોગ (વાસના) છે. અંતઃકરણને ભોગ ભોગવતાં જોઇ–જોઇને આત્મા તેમાં આસક્ત થઇ ગયો છે અને પરિણામે તદ્રૂપ બની ગયો છે. જો અંતઃકરણમાંથી ભોગવાસના કાઢી નાંખવામાં આવે તો તે પોતાના શુદ્ધ સ્વરૂપમાં આવી જાય. અને ત્યારે આત્માને માટે મોહનું કારણ ન રહેવાથી તે પોતાના શુદ્ધ સ્વરૂપને તરત જ સમજી જાય. તેથી જો આત્માનો જીવભાવ દૂર કરવો હોય તો સૌથી વધુ આવશ્યકતા એ છે કે અંતઃકરણને ભોગવાસનાથી શૂન્ય કરી દેવું. અંતઃકરણ શુદ્ધ થતાં આત્મા પોતાના મૂળ શુદ્ધ

સ્વરૂપને તરત જ સમજી જશે.

આપણે જોયું છે કે તમામ કર્મોનું કર્તા તો સૂક્ષ્મશરીર છે, પણ આત્મા ભ્રમથી પોતાને કર્તા માનીને જન્મમરણના ચક્કર-માં પડી જાય છે. જો આ ભ્રમની નિવૃત્તિ કરવી હોય તો અંતઃ-કરણમાંથી ભોગવાસના દૂર કરી દેવી જોઇએ, જેથી આત્મામાં ભ્રમ થવાનું કારણ જ ન રહે. આ પ્રમાણે જો અંતઃકરણ ભોગ-વાસનાપ્રત્યે ઉદાસીન થઇ જાય તો આત્મા તો સ્વભાવથી જ તેના પ્રતિ ઉદાસીન છે, આ સ્થિતિમાં આત્મા પોતાના શુદ્ધ સ્વયં પ્રકાશ સ્વરૂપે અવશિષ્ટ રહેશે.

'હું કર્તા નથી'—એવો નિશ્ચય થયા પછી આત્મજ્ઞાની પુરુષ પોતાનો જીવનનિર્વાહ કેવી રીતે કરે છે—એ જણાવતો યોગ-વાસિષ્ઠનો એક શ્લોક અહીં ઉદ્ધૃત કરીને આ નિબંધ સમાપ્ત કરીએ.

**निर्मानमोहा जितसङ्गदोषा प्रवाहसम्प्राप्तनिजार्थभाजः ।**
**तिष्ठन्ति कार्यव्यवहारदृष्टौ निरामया यन्त्रमयाइवैते ॥**

જેનાં માન અને મોહ નષ્ટ થઇ ગયાં છે, જે કર્તૃત્વ અભિમાનથી મુક્ત થઇ ગયેલ છે, જે યથાપ્રાપ્ત કાર્યને સારી રીતે કરતો રહે છે,—આ રીતે તત્ત્વજ્ઞ પુરુષ કાર્ય અને વ્યવહારક્ષેત્રે (વ્યવહાર દૃષ્ટિમાં) એવી રીતે નિર્વિકાર રહે છે કે યંત્રદ્વારા સંચાલિત પૂતળું હોય.

**नर हरिः कुरुतां जगतां शिवम् ।**



# 'અઘોરી'—બાબા

ભાઈલાલભાઈ છાટબાર

૧૯૪૨માં ૨૦—૨૧ વયના સ્વામી રામ બદ્રિનાથની યાત્રા પ્રવાસે જવા નીકળ્યા. રસ્તે ગંગાકાઠે શ્રીનગર (ગઢવાલ) નામે એક ગામડું આવેલું છે શ્રીનગરથી પાંચ માઈલ દૂર શક્તિપીઠનું એક નાનું મંદિર છે અને ત્યાંથી નીચાણમાં બે માઈલના અંતરે એક ગુફામાં અઘોરી બાબા રહેતા હતા.

શ્રીનગરના અને આસપાસના લોકો અઘોરીબાબાથી બહુ ડરતા હતા. તેઓ કદી તેની પાસે જતા નહિ કેમકે અગાઉ બનેલ પ્રસંગોની વાત ભય પમાડે તેવી હતી. વાત એ હતી કે પહેલા બાબા પાસે કોઈ કોઈ ગયેલું તો બાબાએ ગુસ્સાથી ત્રાડ પાડી, ગાળો દઈ કે પથ્થરાનો ઘા કરી તેને દૂરથી જ હાકી કાઢેલ બાબાની ઊંચાઈ છ ફૂટ અને પાંચ ઈંચ જેટલી હતી શરીર ભારે કદાવર હતું. ઉંમર આશરે પંચોત્તેર વર્ષ હશે. તે દાઢી અને લાંબા વાળ રાખતા. સણિયાની લંગોટી પહેરતા. તેમની ગુફામાં ગુણ પાટના થોડા ટુકડા સિવાય બીજું કશું ન હોતું.

એક રાત તેમની સાથે ગાળવાના અને તેમની પાસેથી કંઈક શીખવાના વિચારથી સ્વામી રામ તેમને મળવા ઈચ્છતા હતા. નજીકના એક ગામેથી એક પંડિતને લઈ સ્વામી રામ તેને મળવા ગયા. પંડિતે કહ્યું કે—"આ અઘોરી કોઈ સંતપુરુષ નથી. તે મેલોઘેલો રહે છે. તમારે તેને મળવા જવાની જરૂર નથી." પરંતુ તે પંડિતને સ્વામી રામ અને તેના ગુરુદેવ વિશે ઘણી માહિતી હતી; એટલે સ્વામી રામ, પંડિત પાસે અઘોરી બાબાની ગુફાએ પહોંચાડવાની વાતમાં હા પડાવી શક્યા.

સાંજે અંધારુ થતાં પહેલાં તેઓ પહોંચ્યા, તેમણે અઘોરી બાબાને ગંગાના વહેણ અને તેમની ગુફા વચ્ચે આવેલા એક ટેકરાની ઊંચી જગ્યાએ બેઠેલા જોયા. તેમણે તેમને પોતાની પાસે બેસાડ્યા. પછી તેમણે પંડિતને ઊધડા લેતા કહ્યું કે—''મારી પાછળ તો તું નિંદા કરે છે અને વળી પાછો હાથ જોડીને નમસ્કાર કરે છે?'' પંડિત જવા માગતા હતા પણ અઘોરીએ કહ્યું કે—''નહિ, જવાનું નથી. નદીએ જઈને મારે માટે પાણી ભરી આવ.'' ભયભીત થયેલા પંડિત પાણી લઈને પાછા આવ્યા ત્યારે અઘોરીએ તેના હાથમાં એક પહોળા ફળાની છરી પકડાવીને કહ્યું કે—''ગંગામાં એક મડદું તરે છે. તેને કાંઠે ખેંચી લેજે અને તેના પીંડીસાથળને કાપી થોડા રતલ માંસ લઈ આવ.'' અઘોરીની માંગ સાંભળી પંડિતજી ધ્રૂજી ઊઠ્યા. તે તો થથરી ગયા અને સ્વામી રામ પણ બેબાકળા બની ગયા. પંડિત અઘોરીની વાત નો અમલ કરવા માગતા નહોતા. પણ અઘોરીએ ઝનૂની બની જઈને ત્રાડ નાખી કહ્યું કે—''કાં તો તું મડદાનું માંસ કાપી લાવે છે, નહિ તો હું તને કાપીને તારું માંસ લઉં છું. બોલ બેમાંથી શું પસંદ છે તને?'' પંડિતના તો હાંજાગગડી ગયા કેમકે તેનું કંઈ ચાલે તેમ નહતું.

ઉદ્વેગ અને ડરના માર્યા બીચારા પંડિત થર થર કાંપતાં, મડદા પાસે ગયા અને તેને કાપવા માંડ્યું. તેને એવી તો ભારે બીક લાગી હતી કે કંપારી અને ગભરાટને કારણે તે ઉતાવળમાં અકસ્માત પોતાના ડાબા હાથની પહેલી બે આંગળી કાંપી બેઠા અને તેમાંથી લોહીની ધાર વહેવા લાગી. તે બાબા પાસે માંસ લઈ આવ્યા. પંડિતની અને સ્વામી રામની બુદ્ધિ બહેર મારી ગઈ



હતી. પંડિત નજીક આવ્યા એટલે અઘોરીએ તેની આંગળીઓના વાઢને સ્પર્શ કર્યો અને તે જ ક્ષણે તેને રુઝ આવી ગઈ. વાગેલા ઘાવનું નિશાન પણ ના રહ્યું. અઘોરીએ પંડિતને માંસના ટુકડાઓને માટીની હાંડીમાં અગ્નિ ઉપર મૂકી દેવાનો અને ઢાંકણા ઉપર પથ્થરનું વજન ગોઠવી દેવાતો હુકમ કર્યો. તેમણે કહ્યું કે—''આ જુવાન સાધુ ભૂખ્યો છે અને તારે પણ જમવાનું છે, તેની તને ખબર નથી પડતી?''

તે બંને બોલી ઊઠ્યા કે—''બાબાજી, અમે તો શાકાહારી છીએ''

બાબાએ આ શબ્દો સાંભળતાં ધૂંધવાઈ ઊઠીને સ્વામી રામને કહ્યું કે—''ત્યારે તું શું એમ ધારે છે કે હું માંસાહારી છું? અહીંના લોકો મને મેલોઘેલો ગણે છે; તે તું પણ માને છે? હું પણ શુદ્ધ શાકાહારી છું''

દસ મિનિટ પસાર થતાં તેણે પંડિતને હાંડી લઈ આવવા કહ્યું. પોતે થોડાં મોટાં મોટાં પાંદડાં વીણી લાવ્યા અને કહ્યું કે—''જમવાનું પીરસવા માટે પહેલાં આ પાંદડાં પાથરી દે.'' પંડિતે કાંપતે હાથે તેમ કર્યું. પછી માટીના ત્રણ કટોરા લેવા આઘોરી ગુફાને અંદરને ભાગે ચાલ્યા ગયા. તે દૂર ગયા ત્યારે પંડિતે સ્વામી રામને ધીરેથી કાનમાં કહ્યું કે—''મને નથી લાગતું કે આ બધાંમાંથી હવે હું જીવતો બચું. મારી આખી જિન્દગીમાં હું જે કંઈ શીખ્યો છું અને મેં જે આચર્યું છે, તે બધાં ઉપર આજે પાણી ફરી વળ્યું હોય એમ લાગે છે. આપઘાત સિવાય હવે મારે માટે કોઈ આરોવારો નથી. તમે, મારી શી વલે કરી બેઠા છો? મારાં અભાગ્ય લાગ્યાં કે હું અહીં આવ્યો, મને અહીં લાવતાં તમારે

વિચાર તો કરવો હતો? મારી તો ચોખ્ખી ના જ હતી.''

સ્વામી રામે કહ્યું કે—''જરા શાન્ત રહો. આપણે એવા ફસાયા છીએ કે આપણાથી ભાગ્યું ભગાય એમ નથી. તો જે કંઇ બને તે હવે જોઇ છુટીએ.''

અઘોરીએ પંડિતને ભોજન પીરસવાની આજ્ઞા કરી. પંડિતે હાંડી ઉપરથી ઢાંકણું લઇ લીધું અને સ્વામી રામના કટોરામાં પીરસ્યું તો તે બંન્ને હેરત પામી ગયા. કટોરામાં રસગુલ્લા હતાં. પનીર અને સાકરની આ મીઠાઇ બને છે. સ્વામી રામને માટે રસગુલ્લા બહુ ભાવતું ભોજન હતું અને બાબાની ગુફાએ આવતાં આવતાં રસ્તે તે રસગુલ્લાંનો વિચાર કરી રહ્યા હતા તેના મનમાં થયું કે આ બધું બહું તાજ્જુબ કરી દે તેવું છે. અઘોરીએ કહ્યું કે—''આ મીઠાઈમાં કંઇ જ લેશમાત્ર પણ માંસ નથી.''

સ્વામી રામે રસગુલ્લા ખાધાં અને પંડિતને પણ ખાવા પડ્યાં. તે બહું સ્વાદિષ્ટ હતાં. અઘોરીએ વધેલાં રસગુલ્લાં પ્રસાદ તરીકે તેના ગામના લોકોને વહેચવા માટે પંડિતને આપી દીધાં. તે બંને હિપ્નોટિઝમના કોઇ છળ—પ્રપંચથી મૂર્ખ બન્યા નહોતા તેની સાબિતી તરીકે તે પ્રસાદ આપવામાં આવ્યો હતો. પંડિત તે અંધારી રાતે તદ્દન એકલા ગુફાથી ત્રણ માઇલ દૂર આવેલા પોતાને ગામે જવા નીકળ્યા.

પદાર્થના રૂપાંતરની ક્રિયા પાછળનું રહસ્ય ઉકેલવા અને અઘોરીની વિસ્મયજનક રહેણીકહેણી સમજવા સ્વામી રામે તે રાત ત્યાં રોકાઇ જવાનું પસંદ કર્યું. સ્વામી રામને આશ્ચર્ય થતું હતું કે—''મડદાંનું માંસ રંધાઇને મીઠાઇમાં કેવી રીતે રૂપાંતર



પામે? આવું એકલવાયું જીવન અઘોરી અહીં કેમ ગાળે છે? ''
તેણે આવા લોકો વિષે સાંભળ્યું હતું પરંતુ આવી વ્યક્તિ સાથેની પ્રત્યક્ષ મુલાકાતનો તેને માટે આ પહેલો પ્રસંગ હતો. સ્વામી રામે બે કલાક ધ્યાનમાં ગાળ્યા પછી તેઓ બંને શાસ્ત્રગ્રંથોની વાતે વળગ્યા. અઘોરી બાબા અત્યંત મેઘાવી ને બહુશ્રુત હતા. તે સંસ્કૃતમાં વાતચીત કરતા હતા પણ તેમનું સંસ્કૃત એવું મિતાક્ષરી અને કઠિન હતું કે તે બોલે ત્યારે દરેક વખતે તેનો અર્થ સમજતા તેને થોડી મિનિટો લાગતી અને પછી સ્વામી રામ ઉત્તર આપી શક્તા. અઘોરી બાબા નિઃસંકપણે ઊંચી કોટિના શાસ્ત્રજ્ઞાતા હતા પરંતુ સ્વામી રામને આજ સુધીમાં જે કોઇ સાધુ મળેલા, તેના કરતાં એમની રીતરસમ તદ્દન જુદા પ્રકારની હતી.

સ્વામી રામે તેમને પ્રશ્ન કર્યો કે—''આ રીતે મડદાનું માંસ ખાઇને શા કારણે જીવો છો?''

તેમણે ઉત્તર આપ્યો કે—''તમે તેને 'મડદુ' શું કામ કહો છો? એ હવે મનુષ્ય છે જ નહિ પરંતુ માત્ર 'પદાર્થ' છે. કોઇ તે 'પદાર્થ'નો ઉપયોગ નથી કરવાનું એટલે હું કરી લઉં છું. પદાર્થ અને ઉર્જા સંબંધિત સિદ્ધાંતોને ખોળી કાઢવાના આ મારા પ્રયત્ન છે અને તેની ખોજ માટે હું વૈજ્ઞાનિકની જેમ પ્રયોગો કરું છું. હું પદાર્થના એક સ્વરૂપને કોઇ બીજા પદાર્થના સ્વરૂપમાં પલટાવી નાખું છું. નિસર્ગ માતા મારે માટે ગુરુ છે. તે ઘણાં રૂપો સર્જે છે અને આસપાસમાં આવેલા વિવિધ રૂપોને પલટાવી નાખવામાં હું માત્ર નિસર્ગના સૌદ્ધાન્તિક નિયમોનું અનુસરણ કરુ છું. મેં પંડિત ને આ કરી દેખાડ્યું કે જેથી તે બીજાઓને દૂર રહેવા સાવધાન કરી દે. આ ગુફામાં મારું આ તેરમું વર્ષ છે અને આજસુધી કોઇ

મને મળવા આવ્યું નથી. મારા દેખાવને કારણે લોકો ડરે છે. તેઓ ધારે છે કે હું મેલો—ગંદો છું અને હું મચ્છી તથા મુડદાં ખાઇને જીવું છું. પથરા ફેંકી લોકોને ભગાડી દઉં છું. પણ ધ્યાન રાખુ છું કે તે કોઇને કદી વાગે નહીં.''

અઘોરીબાબાનો બાહ્ય દેખાવ અતિશય બિહામણો હતો. પરંતુ તેણે સ્વામી રામને કહ્યું કે—''હું જાણીબુઝીને આમ વર્તું છું, જેથી કરીને કોઇ મારા સ્વાધ્યાયમાં ખલેલ ન પહોંચાડે અને સાથોસાથ બીજુ એ પણ ખરું કે ભોજન કે કશી ચીજ વસ્તુ માટે મારે ગામના લોકો ઉપર આધાર ના રાખવો પડે.'' તેમનું મન—બુદ્ધિનું સંતુલન બરાબર હતું પરંતુ લોકોને આવતા રોકવા માટે એ જાણે ચસકી ગયું હોય એમ વર્તતા હતા. તેમનું જીવન સંપૂર્ણપણે સ્વાવલમ્બી હતું; અને એ તે ગુફામાં એકવીશ વર્ષ સુધી રહ્યા તો પણ ગામમાંથી કોઇ કદી એને મળવા ગયું નહિ.

સ્વામી રામ અને અઘોરી બાબા સારીય રાત જાગતા રહ્યા અને બધો વખત બાબાએ 'અઘોર' સાધના વિષે વાતો કરવામાં ગાળ્યો. આ માર્ગ સ્વામી રામ માટે નહતો પરંતુ આવી જીવન પદ્ધતિ અપનાવીને બાબા જે કંઇ બધું કરતા હતા તે જાણવાનું તેને કુતૂહલ હતું. કોઇ પદાર્થ પોતે ધારે તે પદાર્થમાં રૂપાંતર કરી શકે એવી શક્તિ બાબાને વરી હતીઃ દા.ત પથ્થરના ટુકડાને સાકરમાં રૂપાંતર.

બીજી સવારે બાબાએ આવી સંખ્યાબંધ રૂપાંતર—ક્રિયાઓ એક પછી એક કરી દેખાડી. એમણે સ્વામી રામને રેતીનો સ્પર્શ કરવા કહ્યું અને રેતીના કણ બદામ અને કાજુ બની ગયા. સ્વામી રામે આ વિદ્યા વિશે અગાઉ સાંભળ્યું હતું અને તેની



પાછળ રહેલ પાયાના સૈદ્ધાન્તિક તત્ત્વને તે જાણતા હતા; પરંતુ આજ સુધી તેને એવી વાતોમાં બહુ શ્રદ્ધા બેઠી નહોતી. તેણે વિદ્યાનું આ ક્ષેત્ર ખેડ્યું નહોતું. પરંતુ તેને એ વિદ્યાના મૂળભૂત સિદ્ધાંતોની માહિતી હતી.

વિદાય લેતાં પહેલાં બપોરે સ્વામી રામ કાંઇક જમે એવો બાબાનો આગ્રહ હતો. આ વખતે માટીની તે જ હાંડીમાંથી એમણે જુદા જ પ્રકારની મીઠાઇ બહાર કાઢી તે સ્વામી રામ સાથે બહુ નરમાશથી વર્તતા હતા અને બધો વખત તંત્રશાસ્ત્રોની ચર્ચા કરતા હતા. તેમણે કહ્યું કે—''આ વિદ્યાનો લોપ થઇ રહ્યો છે શાસ્ત્રજ્ઞાની માણસો આ વિદ્યાને આચરણમાં મૂકવા માગતા નથી. તેથી એક વખત એવો આવશે કે આ વિદ્યા ભૂલાઇ જશે.''

સ્વામી રામે પૂછ્યું કે—''આ બધું કરવાની ઉપયોગિતા શી છે?''

તેમણે કહ્યું કે—''ઉપયોગિતા''—શબ્દથી તું શું કહેવા માગે છે? આ એક વિજ્ઞાન છે અને આ વિદ્યાશાખાનો રોગો મટાડવામા વૈજ્ઞાનિક ઉપયોગ કરી શકે છે. ઉપરાંત આ વિદ્યા પદાર્થ અને ઊર્જાના પારસ્પારિક સંબંધ પરત્વે ખાસ પ્રકાશ પાડે છે. આ વિદ્યાના વૈજ્ઞાનિકે અન્ય વૈજ્ઞાનિકોને કહેવું જોઇએ કે પદાર્થનું ઉર્જામાં અને ઉર્જાનું પદાર્થમાં રૂપાંતર થઇ શકે છે. પદાર્થ અને ઉર્જાને લાગુ પડતો અને નિયંત્રિત કરતો નિસર્ગનો સિદ્ધાંત સમાન રૂપે એક જ છે. બધાં નામ અને રૂપોમાં રહેલ 'એકત્વ'નો સિદ્ધાંત અત્યારના વૈજ્ઞાનિકો—તેના સંપૂર્ણ અર્થ કે સ્વરૂપમાં—જાણતા નથી. વેદાન્ત અને પ્રાચિન વિદ્યાર્થીઓએ

જીવન—ચૈતન્યના એકત્વના આ સિદ્ધાંતને વર્ણવેલો છે. વિશ્વવ્યાપક ચૈતન્ય માત્ર એક જ છે અને વિશ્વનાં બધાં નામ—રૂપો તે એક માત્ર ચૈતન્યની વિવિધતાઓ છે. પદાર્થના બે આકાર વચ્ચે રહેલ સંબંધને સમજવાનું કઠિન નથી કારણકે તેનું મૂળ ઉગમ સ્થાન—ચૈતન્ય માત્ર એક જ છે. પાણી ઘન બને છે ત્યારે તેને બરફ કહે છે અને તેનું બાષ્પીભવન થાય છે ત્યારે તેને વરાળ કહે છે. નાના બાળકોને ખબર નથી હોતી કે આ ત્રણેય સ્વરૂપો એક જ પદાર્થના છે અને તાત્ત્વિક રીતે તેનાં બંધારણમાં કાંઈ ભેદ હોતો નથી. ભેદ તો માત્ર તે પદાર્થ ધારણ કરે છે તે આકારોમાં હોય છે. આજના વૈજ્ઞાનિકો આવાં બાળકો જેવા છે. તેમને પદાર્થ જગત પાછળ રહેલાં એકત્વનું ભાન નથી અને તે બધા, પદાર્થના એક સ્વરૂપનું બીજા સ્વરૂપમાં પરિવર્તન કરવા માટેના સિદ્ધાંતથી અજાણ છે.''

બૌદ્ધિક રીતે રામ બાબાની વાત સાથે સંમત હતા અને છતાં તેમની જીવનપદ્ધતિ તેને પસંદ ન હતી. તેણે કોઈ બીજે વખતે મળવા આવશે એમ કહી વિદાય લીધી પણ તે ફરીથી ત્યાં ગયા નહિ. આગલી રાતે ભયભીત અવસ્થામાં ભાગી નીકળેલા પંડિતની શી દશા થઈ છે તે જાણવા સ્વામી રામના મનમાં કુતૂહલ હતું. ગામમાં પંડિત મળતાં સ્વામી રામે આશ્ચર્યચકિત થઈ જોયું કે:'પંડિત સમગ્રપણે બદલાઈ ગયા હતા અને તે અઘોરીબાબાને પંથે ચાલવાનું અને એમના શિષ્ય બનવાનું વિચારી રહ્યા હતા.

અઘોરપંથનું વર્ણન અથર્વવેદમાં જોવા મળે છે. 'અઘોર' એક રહસ્યમય સાધના છે. તે સાધના અંગે કાંઈ વિગત ગ્રંથોમાં



ભાગ્યે જ જોવા મળે છે અને ભારતના યોગીઓ અને સંન્યાસી—સ્વામીઓ તે વિષે બહુ જૂજ સમજણ ધરાવે છે. વ્યાધિ—દર્દ મટાડનારી સૂર્યવિદ્યાનો પણ અઘોરપંથની ગુપ્ત સાધનામાં સમાવેશ થાય છે. 'પ્રાણ'ની ઉર્જા—સપાટીથી ઉચ્ચતર કક્ષાની સુસૂક્ષ્મ ચૈતન્યશક્તિઓનું જ્ઞાન અને તે પરનું સ્વામિત્વ આ સૂર્યવિદ્યાથી પ્રાપ્ત થાય છે. ઈહ—લોક અને પાર—લોક વચ્ચે પૂલ સમાન કામ કરી પદાર્થજગતને નિયંત્રિત કરતો ચૈતન્યતંતુ 'એક' હોવાની હકીકત તે વિદ્યા સર્જનાત્મક રીતે પ્રસ્થાપિત કરે છે. અઘોરવિદ્યા આચરનારા બહુ જૂજ યોગીઓ છે અને જે આચરે છે, તેનાથી મોટા ભાગના લોકો દૂર ભાગે છે કેમકે તેમને અઘોરીસાધુના વર્તન—વ્યવહાર વિચિત્ર અને બિહામણા લાગે છે.

(સ્વામી અજય સંપાદિત 'Living with the Himalayan Masters'—ગ્રંથના આધારે)

પ્રત્યેક જીવને મુક્ત થવાનો ચોક્કસ કાલ નક્કી કરેલો નથી. જેઓને જેટલા પ્રમાણમાં મુક્તિ મેળવવા માટે પ્રયત્ન થશે તેટલા પ્રમાણમાં મુક્તિની સમીપ જતાં જશે. પ્રયત્નવિના કોઈ પણ જીવ અનાયાસે મુક્તિ મેળવી શકશે નહિ. જિજ્ઞાસુએ બીજા જીવોનો વિચાર મુક્ત થતાં સુધી બાજુએ રાખી પોતાની મુક્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

**—શ્રીનાથવચનામૃત**

# પ્રશ્નોત્તરી

-યોગેશ્વરજી

પ્રશ્નઃ— કેટલા નામજપ કરવાથી ઈશ્વરદર્શન થઇ શકે?

ઉત્તરઃ— ઈશ્વરદર્શનને માટે નામજપની કોઇ ચોક્કસ સંખ્યા નથી કહી શકાતી. બધો જ આધાર તમારા હૃદયની શુદ્ધિ પર, મનની એકાગ્રતા પર, વાસનાઓની નિવૃત્તિ પર, ઈશ્વરને માટેના પ્રબળ, પરમ પ્રબળ પ્રેમના પ્રકટવા પર, તેમજ ઈશ્વરના દર્શન માટેની વ્યાકુળતા પર રહે છે. નામ જપ સાધન છે. એક સચોટ સાધન છે અને એના અનુષ્ઠાનથી એવી સિદ્ધિ કરવાની છે. ઈશ્વરદર્શનનો આનંદ ત્યારે જ મળી શકે છે. એ આનંદ ન મળે ત્યાં સુધી નામજપ કરતા રહેવું એ જ ઉચિત છે.

પ્રશ્નઃ—મનનો લય સિદ્ધ કરવા શું કરવું?

ઉત્તરઃ—મનનો લય કાંઇ એક બે દિવસમાં નથી થતો. તેને સિદ્ધ કરવા માટે તો ભારે પરિશ્રમ કરવો પડે છે. વરસો સુધી જે નિયમિત રીતે ઉત્સાહપૂર્વક ધ્યાન કે જપની સાધનાનો આધાર લે છે, તે કોઇ ધન્ય ઘડીએ કે ધન્ય દિવસે લયની દશાની પ્રાપ્તિ કરે છે. એ દશામાં મન શાંત થઇ જાય છે. દેશ કે કાળનું ભાન ભૂલી જવાય છે. શરીરનું ભાન પણ નથી રહેતું. એ દશા વધારે કે ઓછા વખતને માટે પ્રાપ્ત થાય તો પણ ઊંડા સુખનો અનુભવ કરાવે છે.

પ્રશ્નઃ—એ દશાની પ્રાપ્તિ માટે કોઇ ક્રમ ખરો?

ઉત્તરઃ—ક્રમ કેમ ના હોય? કોઇ પણ દશાની ઉપલબ્ધિ કંઇ એમ ને એમ નથી થતી. એની પાછળ વિકાસનો ચોક્કસ ક્રમ રહેલો હોય છે. અંતિમ વિકાસ પણ ક્રમવાર વિકાસના



પરિણામરૂપે જ થતો હોય છે. સૌથી પહેલાં મનની શાંતિ થાય છે. અથવા તો કહો કે મન સદ્‌ગુણ, સદ્‌વિચાર ને સદ્‌ભાવથી સંપન્ન ને સાત્ત્વિક બને છે. તે પછી મન ચંચળતા, વાસના, વિકાર, અહંતા તથા રાગદ્વેષમાંથી છૂટીને સ્થિર બને છે. આવું મન જ્યારે જપ ધ્યાન કે પ્રાર્થના જેવી અંતરંગ સાધનામાં જોડાય છે, ત્યારે સહેલાઇથી શાંત થાય છે. એવું એકાગ્ર થયેલું મન છેવટે લય પામે છે. એટલે લયની પાછળ—મનની સ્થિરતા અને શાંતિનો ચોક્કસ ક્રમ હોય છે.

પ્રશ્નઃ—ઈશ્વરદર્શનમાં કોઇ પ્રકાર ખરા?

ઉત્તરઃ—જ્ઞાનીનું ઈશ્વરદર્શન એ છે અને યોગીનું પણ પરંતુ ભક્તનું જરા જુદું હોય છે. ભક્ત સગુણ ઈશ્વરનું ધ્યાન ધરે છે. એટલે મનના લયની દશામાં તેને ઈશ્વરના સગુણ સ્વરૂપનું દર્શન થાય છે. એવું દર્શન પ્રેમની પ્રબળતાને લીધે તેને જાગૃતિદશામાં પણ થઇ શકે છે. એવું દર્શન ઘણા ભક્તોને થયેલું છે અને આજે પણ જે ધારે તેને થઇ શકે છે. એને માટે તીવ્ર પ્રેમ તલસાટ અને એકધારો પુરુષાર્થ જોઇએ. એવા પ્રેમ, તલસાટ ને પુરુષાર્થથી તમે પણ ઈશ્વર દર્શન કરી શકો છો.

પ્રશ્નઃ—એ દશામાં ચિત્તનું શું થતું હશે?

ઉત્તરઃ—એ દશામાં ચિત્ત સંકલ્પ ને વિકલ્પથી રહિત કે શાંત થાય છે. અને કોઇ વિરલ સંજોગોમાં પોતાના મૂળ સ્વરૂપ પરમાત્મામાં મળી જાય છે. જ્યારે તે કેવળ શાંત થાય છે, ત્યારે જડ સમાધિ થઇ એમ કહેવાય છે, ને જ્યારે તે મૂળ સ્વરૂપમાં મળી જાય છે, ત્યારે ચેતન સમાધિની પ્રાપ્તિ થઇ એવું ગણાય છે.

પ્રશ્નઃ—ચિત્તના લયની દશા અને સમાધિમાં કોઇ ફરક ખરો?

ઉત્તરઃ—ચિત્તના લયની દશાનેજ સમાધિ કહેવામાં આવે છે.

એ દશામાં દેહભાન નથી રહેતું. કાળનું ભાન કે ધ્યાન પણ નથી રહેતું અને આજુબાજુના વાતાવરણનું અથવા તો બાહ્ય જગતનું પણ વિસ્મરણ થઈ જાય છે.

પ્રશ્નઃ—સમાધિના કોઈ ભેદ છે ખરા?

ઉત્તરઃ—મુખ્ય ભેદ તો બે છે. જેમાં સાધકને પરમાત્માનો અપરોક્ષ અનુભવ થાય તે અને જેમાં એવો અનુભવ નથી થતો તે. છતાં શાસ્ત્રોએ સવિકલ્પ તથા નિર્વિકલ્પ સમાધિ એવા બીજા બે ભેદ પણ પાડેલા છે.

જે સમાધિમાં ચિત્તનો થોડોક પણ અંશ જાગ્રત રહે છે તથા તેની મદદથી ચિત્ત કાંઈક અનુભવ કરે છે, તે સમાધિને સવિકલ્પ કહેવામાં આવે છે. ચિત્ત તેમાં સંપૂર્ણપણે શાંત નથી થતું. પરંતુ જેમાં સંપૂર્ણપણે શાંત થાય છે, અને કશુંક જોતું અથવા અનુભવતું નથી, તે સમાધિને નિર્વિકલ્પ કહેવામાં આવે છે.

પ્રશ્નઃ—તો તે વખતે શેનું અસ્તિત્ત્વ રહેતું હશે?

ઉત્તરઃ—એ વખતે કેવળ આત્માસત્તાનુંજ અસ્તિત્ત્વ શેષ રહે છે. તેને પરમાત્મા પણ કહે છે. તેમાં તેના સિવાય બીજું કંઈક જ નથી રહેતું. એ પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ કરીને ચિત્ત એની સાથે એકાકાર કે એકરૂપ બની જાય છે. એટલે શરૂઆતમાં દરેક સાધક સવિકલ્પ સમાધિમાંથી પસાર થાય છે અને આખરે નિર્વિકલ્પમાં મળી જાય છે.



# પૂ. મોટાના જીવન પ્રસંગો

"અનુરાગી"

પૂ. મોટાના જીવનમાં ખરેખર આધ્યાત્મિક સાધનાનો આરંભ નાનપણમાં ક્યારે થયો, તે ચોક્કસ કહી શકાતું નથી. પણ એટલું ખરું કે તેઓ સારા નૈતિક સંસ્કારો લઈને જન્મેલા. એટલે એમને ઘણી ગરીબાઈ છતાં, કશું ખોટું કરવાનું ગમતું નહિ. જીવનની આજિવિકાર્થે પણ, એમણે કદી જૂઠ અને અસત્યનો આશ્રય લીધો નથી. એ એમની વિશેષતા હતી.

કાલોલથી પૂ. મોટા આગળ અંગ્રેજી ભણવા પેટલાદ આવ્યા. અહીં તેઓ શ્રી પ્રભાબાના ઘરમાં રહ્યા. તેઓ ખૂબ ધાર્મિક, ગરીબો પ્રત્યે સહાનુભૂતિવાળાં ને ઉદાર હતાં. આમ ધર્મના પ્રત્યક્ષ સંસ્કારોની અસર તેમના પર અહીં પડી.

પ્રેટલાદમાં તે સમયે શ્રી જાનકીદાસજી નામે એક સંત રંગવાલા શેઠને ત્યાં આવતા. તેઓ એક સારા સંત હતા. બીજા ભક્તોની જેમ પૂ. મોટા પણ એમના દર્શને જતા. તેમને તે ઘણું ગમતું. પરંતુ બીજા ભક્તો કરતાં તેઓ જૂદા હતા. એમનો સ્વભાવ ઉદ્યમી એટલે આ સંતના ત્યાં દર્શને જાય ત્યારે તેમનો ઓરડો વાળીને સાફ કરે; ધોયેલાં કપડાને વાળીને સરસ ઘડી કરે. કોઈની સૂચનાની કદી રાહ ન જુએ.

પૂ. મોટાએ કહ્યું "હું મેટ્રિકમાં અભ્યાસ કરું છું." તો સંતે પોતાની શક્તિથી જાણી લીધું કે કેમ, પરંતુ પૂ. મોટાને તેમનો અભ્યાસ પછીના બે માસમાં પૂરા કરવાની સૂચના આપી. એટલું જ નહિ, પરંતુ જે જે શિક્ષકો એમની પાસે આવતા તેમને તેઓએ પૂ. મોટાને અભ્યાસમાં મદદ કરવા અનુરોધ કર્યો.

પૂ. મોટા ભણવામાં તેજસ્વી હતા. એટલે મોટાભાગનો અભ્યાસ તેઓ બે માસમાં જ પૂરો કરી શક્યા.

પૂ. મોટાના મોટાભાઈ અમદાવાદમાં રહેતા એટલે પ્રિલિમિનરી પરીક્ષા પહેલાં તેઓ તેમને મળવા આવ્યા; પરંતુ દૈવયોગે અહીં આવી બીમાર પડી ગયા.

પહેલાં તો બે ચાર દિવસમાં સાજા થઈ જવાશે, એમ લાગ્યું. પરંતુ એમની એ ધારણા ખોટી પડી. માંદગી લંબાતી ચાલી. હવે પૂ. મોટાને પરીક્ષાની ચિન્તા થવા માંડી વર્ષ બગડવાનો ભય ઊભો થયો.

દાક્તરે પણ અભ્યાસ ન કરવાની ને આરામ લેવાની સલાહ આપી. પ્રિલિમિનરી પરીક્ષાનો સમય પણ પસાર થઈ ગયો.

છેવટે પ્રભુકૃપાથી તેઓ સાજા તો થઈ ગયા; પરંતુ ખૂબ નબળાઈ આવી ગયેલી.

પેટલાટ આવ્યા પછી શાળાના આચાર્યને મળ્યા. બધી વાત કરી.

આચાર્યે હિમ્મત આપતાં કહ્યું, ‘તું ચિન્તા ન કરતો. તારું પરીક્ષાનું ફોર્મ અમે ભરી દીધું છે. તેં અભ્યાસ તો પહેલાંથી કરી દીધો છે, એટલે તને મુશ્કેલી નહિ જ આવે.’’

આમ શ્રીજાનકીદાસજીની દિવ્યદૃષ્ટિની સહાયથી પૂ. મોટાનું વર્ષ બચ્યું. તેઓ મેટ્રિકમાં સારા નંબરે પાસ થયા.

પછી તેઓ કોલેજમાં અભ્યાસ કરવા વડોદરા આવ્યા. પરંતુ ત્રણ વર્ષનો અભ્યાસ પૂરો થયો ને અંતિમ વર્ષ હતું, ત્યાં પૂ. ગાંધીજીના આદેશને માન આપી તેઓએ અધવચ્ચેથી અભ્યાસ છોડ્યો. તે વખતે અભ્યાસ છોડી અસહકારમાં જોડાનાર વડોદરા કોલેજના બે વિદ્યાર્થી હતાઃ



એક શ્રી પૂ. મોટા અને બીજા શ્રી પાંડુરંગ વળામે. જેઓ પાછળથી સંત શ્રીરંગ અવધૂતના નામે પ્રસિદ્ધિ પામ્યા.

અભ્યાસ છોડ્યા પછી પૂ. મોટા ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા. એક દિવસ પૂ. ગાંધીજી વિદ્યાપીઠમાં આવ્યા તેઓએ કહ્યું ‘‘દેશ અત્યારે ભડકે બળે છે, ત્યારે તમારાથી ઠંડે કલેજે અભ્યાસ શી રીતે થાય?’’

પૂ. મોટાને ગાંધીજીના આ શબ્દો અસર કરી ગયા! તેઓએ વિદ્યાપીઠનો અભ્યાસ છોડી દીધો અને અસ્પૃશ્યતા નિવારણના કામમાં શ્રી ઇંદુલાલ યાજ્ઞિક સાથે જોડાઈ ગયા. નડિયાદમાં શ્રી યાજ્ઞિકે હરિજન આશ્રમ શરૂ કરેલો. તેમાં તેઓ જોડાયા. અહીં તેઓ હરિજન બાળકોને શિક્ષણ આપવાનું કામ કરતા. સાથે સાથે સેવક તરીકેની કામગીરી પણ બજાવતા.

હરિજન બાળકોને તેઓ તળાવે સ્નાન કરાવવા પણ કદીક લઈ જતા. ત્યારે તેઓ લોકોને ખુલ્લં ખુલ્લા કહેતા કે ‘‘આ હરિજન બાળકો છે.’’

પૂ. મોટાની આ પદ્ધતિ લોકોને ગમતી નહિ. તેથી ઘણા ખેડુતો ને બીજા સવર્ણો નારાજ થતા. આથી બાળકોની રક્ષાની મોટાને ઘણીવાર ખૂબ ચિન્તા રહેતી.

એમાં એમને વાઈ જેવો ફેફરાનો રોગ લાગુ પડ્યો. એ ગમે ત્યાં જતા હોય તો પણ રસ્તામાં રોગનો હુમલો થતાં બેભાન થઈ પડી જતા. છતાં ઈશ્વરે તેમની અદ્ભુત રક્ષા કરી.

નર્મદા કિનારે મોખડી ઘાટ પાસે પૂ. મોટા આરામ લેવા કોઈવાર જતા. ત્યાં નજીકમાં રણછોડજીનું મંદિર હતું. તેમાં એક સાધુ મહાત્મા રહેતા. તેમની પૂ. મોટા યથાશક્તિ સેવા કરતા.

એક દિવસ તેઓ ત્યાં હતા ને તેમને ફેફરાનો હુમલો થયો. મહાત્માએ તે જોયું. પૂ. મોટાને જ્યારે શુદ્ધિ આવી ત્યારે મહાત્માને પગે લાગવા ગયા. તેમણે કહ્યું ''બેટા સતત ભગવાનનું સ્મરણ કરતો રહેજે તો તારું દર્દ મટી જશે.''

પૂ. મોટાને થયું કે મહાત્માએ કોઈ જડી બુટ્ટી રોગ મટાડવા આપી હોત તો સારું થાત. માત્ર ભગવાનના નામ સ્મરણથી રોગ થોડો મટે? એમને મહાત્માના એ શબ્દોમાં વિશ્વાસ ન બેઠો.

તેઓ ફેફરાના રોગથી કંટાળી ગયા હતા. સામાન્ય રીતે આવો રોગ સ્ત્રીઓને થતો હોય છે. પરંતુ ઘણી બધી આર્થિક ને બીજી ચિન્તાઓથી પૂ. મોટાને આ રોગ લાગુ પડેલ ને ઘણી દવા કરવા છતાં તે મટતો ન હતો.

એથી મોટા મોખડી ઘાટથી ગરૂડેશ્વર આવ્યા. ત્યાં નર્મદા મૈયાના પ્રવાહની પાસેની એક ભેખડ ઉપર બેઠા. પ્રવાહને જોતાં ઊંડા વિચારમાં ડૂબી ગયા. પછી નર્મદા માતાને પ્રાર્થના કરી, તેમણે પ્રવાહમાં ઝંપલાવી દીધું.

પણ ત્યાં તો ચમત્કાર થયો.

પાણીના પ્રવાહમાંથી એક પ્રચંડ વંટોળ પ્રકટ્યો. તેણે જોતજોતામાં પૂ. મોટાને ઉછાળીને ભેખડથી દૂર કિનારે ફેંકી દીધા! આ વંટોળના મધ્યમાં તેઓને અલૌકિક દિવ્ય જ્યોતિનું દર્શન થયું. એ જોઈ એમને થયું. ''જીવનમાં હજુ કાંઈ કરવાનું લાગે છે. એટલે જ પ્રભુએ આમ બચાવ્યો.''

પૂ. મોટાના જીવનમાં આવી પ્રત્યક્ષ ચમત્કારી ઘટના પહેલી વાર જ બની. આ પ્રસંગે પ્રભુમાં એમની શ્રદ્ધા વધારી દીધી. તે પછી એમણે આત્મા વિસર્જનનો વિચાર માંડી વાળ્યો.

**(શ્રી. મુકુલભાઈ કલાર્થીના પૂ.શ્રી મોટાના આધારે)**



# સ્વામી વિવેકાનંદના ચારિત્ર્યની કસોટી

**કનૈયાલાલ ઝીંઝુવાડિયા**

સ્વામી વિવેકાનંદના જીવનનો આ એ સમયનો તબક્કો છે જ્યારે એમના પિતાશ્રી વિશ્વનાથ દત્તનું અવસાન થઈ ગએલ. વિશ્વનાથ હંમેશાં એમની ઉદારતાને કારણે આવક કરતાં ખર્ચ વિશેષ કરતા. તેમના અવસાન પછી લેણદારો બારણાં ખખડાવવા લાગ્યા. એટલું જ નહિ પણ જેમના ઉપર વિશ્વનાથ દત્તે અનેક ઉપકારો કરેલા એવા સંબંધીઓ પણ દુશ્મનાવટ બતાવવા લાગ્યા. દુઃખનાં વાદળો ઘેરાયાં. સુખચેનની જિંદગીમાંથી નરેન્દ્રનાથ(સ્વામી વિવેકાનંદ) એકાએક સખત ગરીબીમાં આવી પડ્યા. કેટલીક વાર તો ભૂખમરો વેઠવાની સ્થિતિ પણ ઊભી થતી. આ ભયંકર દિવસો ભૂલવાના એ પ્રયાસ કરતા, પણ એનો એ પ્રયાસ નિષ્ફળ નીવડતો; આમ છતાંય આ વિકટ પરિસ્થિતિનો એક મર્દની અદાથી નરેન્દ્રનાથે સામનો કરવાનો પ્રયત્ન કર્યો. ઈ.સ.૧૯૮૪માં તેમના પિતાશ્રી વિશ્વનાથ દત્તના અવસાન પહેલાં જ નરેન્દ્રે બી.એ.ની પરીક્ષા આપેલ. પરંતુ પરીક્ષાનું પરિણામ આવે તે પહેલાં જ તેમના પિતાનું અવસાન થયેલ.

બી.એ ની પરીક્ષામાં ઉતીર્ણ થયા બાદ એમણે એલએલ.બી નો અભ્યાસ શરૂ કર્યો. એ વખતે એટલી બધી ગરીબાઈ હતી કે પગરખાં પહેરવાં એ પણ વિલાસ થઈ પડ્યો; વસ્ત્રો માટે હવે જાડું કાપડ આવ્યું અને કેટલીયે વાર જન્મ્યા વગર એમને કોલેજમાં જવું પડતું. કેટલીક વાર ભૂખ અને નબળાઈથી એમને તમ્મર આવી જતાં. ઘણીવાર મિત્રો એને આમંત્રણ આપતા;

પરંતુ જ્યારે એમની સમક્ષ ભોજન ધરવામાં આવતું, ત્યારે ઘરની દુર્દશાનો ખ્યાલ એમની નજર આગળ તરવરવા લાગતો અને એ ભોજન લેતાં અટકી જતા. કોઇ કામનું બહાનું કાઢીને એ મિત્રને ત્યાંથી વિદાય લઇ લેતા. ઘરે જઇને પણ પોતે બને તેટલું ઓછું જમતા ત્યારે જ ઘરનાં બીજાં માણસોને પૂરતું મળી શકે તેમ હતું.

સ્વામી વિવેકાનંદના દેહત્યાગ બાદ એમની માતાએ આ દિવસોમાં પોતાના પુત્રે કરેલા આત્મત્યાગની અનેક વાતો કહી છે; 'મેં મિત્રને ત્યાં જમી લીધું છે,' એમ કહીને એ ઘણી વાર જમવા બેસતો નહિ. જ્યારે ખરી વાત એ હોય કે ઘરનાં બીજાને રખેને પૂરું ભોજન ન મળે, એવા ખ્યાલથી પોતે બિલકુલ જમતા નહિ. આવા કપરા સંજોગોમાં પણ નરેન્દ્રનાથ પોતાની પ્રકૃતિગત આનંદીવૃત્તિ જાળવી રાખવા પ્રયત્ન કરતા અને કઠણાઇનો ભાર હળવો બનાવતા. તેમના શ્રીમંત નબીરા મિત્રો કોઇ વાર ફરવા તેડી જવા ઘેર આવતા, ત્યારે તેમને ભાગ્યેજ શંકા જતી કે નરેન્દ્રનાથ આમ શરીરે ઘસાતો જાય છે તેની પાછળ પિતાના અવસાન સિવાયનું બીજું પણ કારણ છે.

આ જ અરસામાં બળતામાં ઘી હોમાયું. જે ઘરમાં નરેન્દ્રનાથ રહેતા તે અંગે કુટુંબીઓ સાથે ઝઘડો થયો. ખોટો આધાર લઇને આ કુટુંબીઓએ નરેન્દ્રનાથના કુટુંબ ઉપર કોર્ટમાં દાવો માંડ્યો, અને એવી માગણી કરી કે ઘરના ભાગ પાડવા જોઇએ. અને એમાં પણ મોટો અને સારો ભાગ તેઓને મળવો જોઇએ. નરેન્દ્રનાથ માટે આ એક ભયંકર ફટકારૂપ હતું. ઘરની વાતો જાહેરમાં ચર્ચાય એ એમની માતાને એટલું બધું અસહ્ય થઇ પડ્યું કે જાણે માથે આભ તૂટી પડ્યું. કેસ તો લંબાયો. પણ ચૂકાદો



આખરે નરેન્દ્રનાથની તરફેણમાં આવ્યો. નવાઇની હકીકત તો એ છે કે સામા પક્ષનો યુરોપિયન બેરિસ્ટર પણ નરેન્દ્રનાથના વ્યક્તિત્વથી પ્રભાવિત થઇ ગયો હતો.

જીવનના એ કપરાં વર્ષોની વાત નરેન્દ્રનાથે જ કહી છેઃ "પિતાના અવસાનનો શોક હજી ઉતર્યો નહોતો ત્યાં જ નોકરીની શોધમાં આથડવાનું મારા ઉપર આવી પડ્યું. હાથમાં અરજી લઇને ધોમ ધખતા તાપમાં જમ્યા વગર ઉઘાડે પગે હું એક ઓફિસથી બીજી ઓફિસે ધક્કા ખાતો. પરંતુ દરેક સ્થળેથી મને જાકારો જ મળતો. જીવનની વાસ્તવિકતા સાથેના આ પ્રથમ પરિચયથી જ મને ખાતરી થઇ ગઇ કે આ જગતમાં નિઃસ્વાર્થ સહાનુભૂતિ તો અત્યંત વિરલ વસ્તુ છે. આ જગતમાં દીનદુર્બળ અને અકિંચન મનુષ્યો માટે જગ્યા નથી. હજી થોડા જ દિવસો પહેલાં જેઓએ મને કોઇ પણ પ્રકારે સહાય કરવામાં ગર્વ અનુભવ્યો હતો તેઓ જ હવે મારાથી વિમુખ થવા લાગ્યા; અને એ પણ પામતા પહોંચતા હોવા છતાં. એ જોઇને મને કેટલીક વાર એવો ભાવ થઇ આવતો કે જગત કોઇ શેતાનની કરામત છે.

"કેટલીક વાર મારા શ્રીમંત મિત્રો પોતાને ઘેર કે વાડીએ આવીને ગાવાનું મને આમંત્રણ આપતા. તેને હું ટાળી શકતો નહિ. મારું દુઃખ એમની આગળ વ્યક્ત કરવાની ઇચ્છા થતી નહિ તેમ તેઓ પણ મારી મુશ્કેલીઓ શોધી કાઢવાનો પ્રયત્ન કરતા નહિ. કોઇ વાર તેઓમાંથી થોડા જણ પૂછતા ખરા કે, "આજે તું આટલો બધો ફિક્કો અને દુબળો કેમ દેખાય છે?" માત્ર એક જ મિત્રે મને ખબર ન પડે તેમ મારી ગરીબ અવસ્થા જોઇ લીધી અવારનવાર મારી માતાને એણે અનામી મદદ

મોકલ્યા કરી. આવી અનુકંપાથી એણે મને મહાન ઋણી કર્યો છે.

"ખોટે રસ્તે ગુજરાન ચલાવતા મારા કેટલાક જૂના મિત્રોએ મને એમની સાથે ભળવાનું કહ્યું. અનેક પ્રલોભનો મારી સમક્ષ ઉપસ્થિત થયાં. મારી ગરીબીના દિવસોનો અંત આણવા એક પૈસાદાર સ્ત્રીએ અઘટિત કહેણ મોકલ્યું. પરંતુ એને મેં એકદમ તિરસ્કાર પૂર્વક નકારી કાઢ્યું. બીજી એક સ્ત્રીએ પણ એવી દરખાસ્ત મૂકી મેં એને કહ્યું, ઐહિક ભોગ વિલાસો ભોગવવાના પ્રયત્નમાં તેં તારી જિંદગી વેડફી નાખી છે. મૃત્યુના કાળા ઓળાઓ તારી સમક્ષ તરવરે છે. એનો સામનો કરવા માટે તેં કંઇ પ્રયત્ન કર્યો છે કે? આ બધી મલિન વાસનાઓ છોડીને ઈશ્વરનું સ્મરણ કર."

"આમ છતાંય આ બધી હાડમારીઓ વચ્ચે પણ ઈશ્વરના અસ્તિત્વ વિષે, એની કરુણા વિષે મેં શ્રદ્ધા ગુમાવી નહિ. દરરોજ સવારે ઈશ્વરનું નામ લઈને હું ઊઠતો અને નોકરી શોધવા નીકળી પડતો."

આવા કપરા દિવસોમાં પણ ખોટે રસ્તે ગુજરાન ચલાવતા મિત્રોની સાથે સામેલ ન થનાર, ભર યુવાન વયે, ઐહિક સુખની આશાથી અંધ બનેલી કામિની કાંચનની લાલચને ઠોકરે મારી દેનાર અને પોતાના ચારિત્ર્યને જ્વલંત રાખનાર એ મહાન વિભૂતિને મારા કોટિકોટિ નમસ્કાર.

**(સ્વામી વિવેકાનંદના 'જીવન ચરિત્ર'માંથી)**

**એક અધ્યાત્મના માર્ગના પ્રવાસી**



# સ્વર્ગારોહણમાં પર્વોની ઉજવણી

**–તંત્રી**

સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી સ્વર્ગારોહણ અંબાજીમાં—ચાર પર્વો નિયમિત ઉજવાય અને તેમાં યોગેશ્વર પરિવારના સાધકો અનુકૂળતા પ્રમાણે ઉપસ્થિત રહે, તે પૂ. મા સર્વેશ્વરીને ગમે.

આ ચાર પર્વો છે પૂ. શ્રીનો જન્મદિન તા.૧૫ ઓગસ્ટ પૂ. શ્રીનો નિર્વાણદિન તા.૧૮ માર્ચ, પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનો જન્મદિમ ૧૩ નવેમ્બર અને ગુરુપૂર્ણિમા.

એ રીતે આ જુલાઈની ૭ તારીખે ગુરુપૂર્ણિમા છે, તેમાં સાધકો આવશે જ. તે જ રીતે પૂ. ગુરુદેવશ્રી યોગેશ્વરજીનો જન્મ તા. ૧૫ ઓગસ્ટ છે. તેની ઉજવણી નિમિત્તે ત્રણ દિવસનો કાર્યક્રમ ટ્રસ્ટ તરફથી નિરધારિત થયો છે.

તેમાં તા. ૧૫ના રોજ સ્વાતંત્ર્યદિન નિમિત્તેના કાર્યક્રમો ઉપરાંત પૂ. શ્રી ના વિડિયો પ્રવચનો અને તા. ૧૬મી એ સાધના દિન તા. ૧૭મી એ અંબાજી આસપાસનાં ગામોમાં પ્રસાદ વિતરણ પણ થશે. સાધના દિન દરમ્યાન સાધકો પોતે લીધેલા નિયમો પ્રમાણે મૌન રાખી પોતાના નિયમો પૂરા કરવામાં લાગેલા રહેશે.

# શાંતિ

ડૉ. કાલિદાસ પ્રજાપતિ

શાંતિ શબ્દ સાંભળતાં જ સૌ માનવ હૈયાંઓની તીવ્ર તૃષાનો પડઘો તેમાં પડે છે. માનવ માટે પ્રાથમિક જરૂરિયાતો જેટલી આવશ્યક છે, તેટલી શાંતિની આવશ્યકતા છે. માનવ શાંતિની શોધ ઘણા વર્ષોથી કરે છે પણ ઘણા થોડા આત્માઓ તેને પામી શક્યા છે. તેની પ્રાપ્તિ દ્વારા પોતાના જીવનને ધન્ય બનાવી શક્યા છે. પહેલાંનું જીવન એટલું સરળ હતું, સાદું હતું કે ત્યારે શાંતિ માટેની આટલી તીવ્ર પિપાસા નહોતી. જનસંખ્યા ઓછી, જરૂરિયાતો ઓછી અને દિવ્યગુણોની ઝલક પણ હતી. સંતોષી જીવન પણ હતું. તેથી આપણા અત્યારના માનવ જીવનની તુલનામાં થોડાં વર્ષો પહેલાંના માનવ જીવનમાં શાંતિ, સ્વસ્થતા અને સદાચારની માત્રા વિશેષ પ્રમાણમાં જોવા મળતી હતી.

ખેતી પ્રધાન ભારત, અનેક ગામડાઓમાં પથરાયેલ ભારત, જેની પ્રાચીન ભવ્ય સંસ્કૃતિની અસરમાં પોતાપણું જાળવીને, સાંસ્કૃતિક મૂલ્યોના કવચમાં પોતાની પ્રતિભા જાળવીને પોતાનું પૌરાણિક મહત્વ જાળવી રહ્યો હતો. પણ પ્રતિપળે પરિવર્તિત થતા સમયને, જીવનને કોણ નાથી શકે? ભારતમાં અંગ્રેજોનું આગમન થયું. અંગ્રેજી રાજ્યસત્તા સ્થાપિત થઈ. ઘણા વર્ષો સુધી તેનું શાસન રહ્યું. તેથી કેટલાક આવકારવાદાયક સુધારાઓની સાથે સાથે પશ્ચિમનો પવન ભારતમાં ફુંકાવા લાગ્યો. વેજ્ઞાનિક શોધખોળોના કારણે માઈલોના અંતરો ઘટવા લાગ્યાં. પછી ભલે દિલનાં અંતરો વધતાં જાય. તેથી આજે વિશ્વની સંસ્કૃતિઓની



છાયા ભારતે ઝીલી છે. કેવળ ઝીલી છે એમ નહીં પણ એ છાયાને જીવનનો એક ભાગ બનાવવા પણ તેણે પુરુષાર્થ કર્યો છે. આ રીતે પશ્ચિમના દેશોની રહેણીકરણી, રીતિ રિવાજો, માન્યતાઓ આ બધાની આપણા જન જીવન ઉપર ગાઢ અસર થઈ.

એક વખતે આ દેશમાં ચારિત્ર્ય રૂપી ધનને શ્રેષ્ઠ માનવામાં આવતું હતું. તેનું ગૌરવ થતું હતું પણ આજે આ દષ્ટિબિંદુથી જુદું જ જીવન જીવાઈ રહ્યું છે. વૈજ્ઞાનિક શોધખોળોએ માનવની વૃત્તિઓને બદલવામાં મોટો ફાળો આપ્યો છે. જીવનનાં મૂલ્યો બદલાયાં, જીવન જીવવાની ઘરેડ બદલાઈ. સમાજમાં આર્થિક સંપન્નતા, સત્તા અને ભૌતિક સુખ સગવડનાં સાધનોની મહત્તા વધતી ગઈ. તેના તરફ લોકોનો આદર વધતો ગયો. માનવે સુખ, શાંતિની શોધ ભૌતિકતામાં આરંભી. તે માટે જે કાંઈ કરવું પડે તે કરવામાં તેણે નાનપ ન અનુભવી. ભૌતિકતાની આંધળી દોટમાં તે જીવન મૂલ્યો વિસરી ગયો. ન્યાય, નીતિ, આદર્શ, સદાચાર, પ્રામાણિકતા, શ્રમ, સેવાભાવ, પરોપકાર આદિ ગુણો અને મૂલ્યોમાં ઓટ આવવા લાગી.

આજે માનવ ભૌતિક સમૃદ્ધિમાં આળોટી રહ્યો છે. સુખ સગવડનાં સાધનો વચ્ચે તે જીવી રહ્યો છે. જેણે શાંતિ ગુમાવી દીધી છે. તેને સુખ જ ક્યાંથી હોય? શાંતિની પ્રાપ્તિ માટે તેણે વિવિધ વિદ્યાકલાઓનો આશરો લીધો. સાહિત્ય, સંગીત, નૃત્ય, ચિત્રકલા, પ્રવાસ, ફેશનશો, ચલચિત્ર, રેડિયો, ટી.વી., નાટક અને આવા અનેક સુખશાંતિ, મનોરંજન માટેનાં સાધનો, કલાઓ, સુવિધાઓ એણે વિકસાવ્યાં પણ તેની શાંતિની તૃષા ન

સંતોષાઇ. વિદ્યાકલા કૌશલ્યમાં પણ તેણે નવા નવા પ્રયોગો કર્યા પણ અંતે સુખશાંતિ તો એને હાથતાળી આપીને રવાના થઇ ગયાં. આજે માનવ અજંપાભરી સ્થિતિમાં જીવી રહ્યો છે. અનેક ચિંતાઓ, સમસ્યાઓ, રોગો, પ્રશ્નો, આઘાતો તેને કોરી રહ્યા છે. માનવ જીવનનું સાચું સત્ત્વ ગુમાવી બેઠાં છે. તેના હાસ્યની ઓઠે વેદનાનો ચિત્કાર સંભળાઇ આવે છે. તેની સમૃદ્ધિ, સુવિધાઓ તેને ડંખી રહીં છે. ભદ્ર સમાજ વચ્ચે રહેલો ભદ્ર માનવ અભદ્ર બની રહ્યો છે. વિકારોના પંજામાં એ સપડાઇ ગયો છે.

શાંતિની પ્રાપ્તિ માટે અશાંતિ જન્માવનાર પરિબળોને જાણવાની જરૂર છે. અશાંતિ જન્માવનાર કારણો દૂર થાય, તો શાંતિ કાયમ રહે. અશાંતિજનક વિકારોને નિર્મૂળ કરી શકીએ તો શાંતિનું અખંડ સામ્રાજય રચી શકીએ. સ્વયંને દેહ સમજવાથી બધા પ્રશ્નો જન્મ્યા છે. દેહના સંબંધોની ઈન્દ્રજાળમાં ફસાઇ ગયેલા માનવને અનેકવિધ વિકારોની સ્થૂળ અને સૂક્ષ્માતિ સૂક્ષ્મ જાળમાં લપેટાવું પડ્યું. તેથી સૌ પ્રથમ સંબંધો, સર્વ પદાર્થોની આસક્તિભરી જાળમાંથી મુક્ત થઇ સ્વયંને આત્મા નિશ્ચય કરી સતત આત્માનુભૂતિ કરવાની જરૂર છે. જ્ઞાન,ભક્તિ,યોગના ગહન અભ્યાસ દ્વારા આત્માને, તેની અસલી સ્થિતિનો, ગુણો અને કર્તવ્યોનો, સ્વધામ, સ્વપિતા સ્વધર્મ અને સ્વ સ્વરૂપનો સાચો પરિચય થાય છે. આ પરિચય અનુભૂતિમાં પરિણમે છે ત્યારે દુઃખ, અશાંતિ જન્માવનાર બંધનો આપોઆપ તૂટતાં જાય છે. હું શાંત સ્વરૂપ આત્મા છું. મુજ આત્માનો સ્વધર્મ શાંતિ છે. આત્માનો ગુણ શાંત સ્વરૂપનો છે. આત્માના પિતા પરમાત્મા શાંતિના સાગર છે. આત્માઓની



દુનિયા શાંતિધામ છે. આમ શાંતિની વિભાવનાને સાર્થક કરનારાં પરિબળોનો વાસ્તવિક પરિચય થતાં અને તેની અનુભૂતિ થતાં શાંતિની અનુભૂતિની શરૂઆત થાય છે, હવે પ્રશ્ન છે તેની શાશ્વતતાનો, એ તો નિશ્ચિત છે કે શરીરને દરરોજ ખોરાકની જરૂર છે. તે રીતે આત્માને પણ જ્ઞાનમૃતમ્ ભોજનમ્ની જરૂર છે. જ્ઞાન અને ઈશ્વરીયાદની જરૂર છે. તેની સાથે વણાયેલા દિવ્યગુણોની ધારણાની જરૂર છે. આ છે શાંતિનો રાજમાર્ગ.

આ પથ પર પગ માંડતાં મક્કમતાથી ડગલાં ભરતાં, ધ્યેયના સાફલ્યને નજર સમક્ષ રાખીને દૃઢ મનોબળથી આગળ ધપતા સાધકનું જીવન અચૂક સુખ, શાંતિ અને દિવ્યાનંદથી સંપન્ન બને છે. ગીતકારે સાચેજ કહ્યું છે કે,

**''વિહાય કામાન્યઃ સર્વાન્પુમાંશ્ચરતિ નિસ્પૃહઃ**
**નિર્મમો નિરહંકારઃ સ શાન્તિ મધિગચ્છતિ ॥''**

અર્થાત્ જે પુરુષ(આત્મા) સર્વ કામનાઓને ત્યજીને નિઃસ્પૃહ, મમતારહિત અને અહંકારરહિત થઇ વિચરે છે, તે શાંતિ પામે છે.

સાધકે યોગના અભ્યાસ દ્વારા સ્થૂળ, સૂક્ષ્મ પવિત્રતા ધારણ કરવી જરૂરી છે. કારણ પવિત્રતા જ સુખશાંતિની જનની છે. યોગના અભ્યાસ પછી સ્વયંનું તટસ્થપણે અવલોકન કરી જીવનનાં મૂલ્યો પ્રયત્નો દૃષ્ટિકોણ, સમયના સંદર્ભમાં જીવનનું મહત્ત્વ. આ બધા પ્રશ્નોને ધ્યાનમાં રાખી જીવનને નવો રાહ, વળાંક આપતાં, શાંતિથી સંપન્ન બની શકે છે. આવાં અનેક ઉદાહરણો આજે મોજૂદ છે.

શાંતિની અનુભૂતિ માટે દરરોજ નિયમિત રીતે આત્મિકસ્થિતિનો અનુભવ કરો. આત્માના સ્વધર્મ શાંતિની અનુભૂતિ કરો. અમૃતવેળાએ ઉઠી ઈશ્વરીયયાદ પછી દૈનિક કાર્યોનું આયોજન કરી લૌકિક અલૌકિક કાર્યોની સફળતા માટે વિચારસાગર મંથન કરો. જેથી કોઇ કાર્ય અપૂર્ણ ન રહે, અશાંતિ કે ઉચાટ ન રહે. લૌકિક અલૌકિક પ્રવૃત્તિઓ કરો પણ નિયતિના, સૃષ્ટિ ચક્રના જ્ઞાનને બુદ્ધિ સમક્ષ રાખો. જેથી ગમે તે પરિણામ આવે છતાં પણ શાંતિની સ્થિતિ જળવાઇ રહે. વિશ્વકલ્યાણાર્થે શાંતિનાં આંદોલનો વહેતા કરો. સર્વ પ્રત્યે શુભચિંતક બની શાંતિદાતા બનો. આવક પ્રમાણે ખર્ચનો વિનિયોગ કરી બચત રહે તે પ્રમાણે જીવો. ખોટા આવેશ કે લાગણીવેડામાં આવી જઇને ખર્ચ ન કરો. જેથી આર્થિક મુશ્કેલીઓ ન આવે અને અશાંતિ ન જન્મે.

મન, વાણી અને કર્મ પર સતત ધ્યાન આપો. કર્મેન્દ્રિયો ઉપર પ્રભુત્વ સ્થાપો. એવો કોઇ સંકલ્પ ન થાય કે વ્યવહાર ન થાય જેથી અશાંતિ જન્મે. સર્વકર્મોના ફળના ત્યાગની ભાવના રાખો. આવા ત્યાગ દ્વારા પણ શાંતિ મળે છે. સહનશક્તિની ટેવ પાડી તો અશાંત પરિસ્થિતિઓનો સામનો કરવા છતાં પણ શાંતિની સ્થિતિમાં રહી શકશો. હતાશા, નિરાશાને જીવનમાં કદી ફરકવા ન દેશો. લૌકિક અલૌકિક સંબંધો દૈવી મર્યાદામાં રહીને સાચવો. ન્યારા અને પ્યારા તથા ગુણગ્રાહક બનો જેથી અશાંતિના પ્રશ્નો ન જન્મે. અશાંત પરિસ્થિતિ, વાતાવરણમાં પણ શાંતિની પરિસ્થિતિનો અભ્યાસ કરો. પ્રતિકૂળતામાં પણ અનુકૂળતા સાધો.



'ભગવાન કે ઘર દેર હૈ, અંધેર નહીં હૈ.' આ સૂત્રને સદૈવ બુદ્ધિમાં રાખી ન્યાય કે અધિકારની પ્રાપ્તિ માટે અયોગ્ય રીત રસમોનો ત્યાગ કરો. હું યોગ્ય બનીશ એટલે યોગ્યતાનું ફળ મને આપોઆપ મળી જશે એમ માની, અસંતુષ્ટ ન બનો. Faith in God આખરે તો મારે શાંતિધામ જવાનું છે. તો શાંતિધામની સતત સ્મૃતિ રાખો. જેથી વિકર્મો ન થાય. ગુણ વૃદ્ધિ થાય. યોગાભ્યાસમાં પ્રગતિ થાય. તેમજ વૈરાગ્ય જન્મે. સમેટવાની શક્તિમાં તીવ્રતા આવે. નિરાકારી, નિરહંકારી, નિષ્કામી, નિમિત્ત બની, નિત્ય નવા ઉમંગ, ઉત્સાહથી જીવન જીવીએ તો શાંતિની સરવાણી સદા વહેતી રહેશે.

જેમણે પોતાનું જીવન જ હરિનામ પર રચ્યું છે, નામ એ જેમનો નિત્ય નિયમ બન્યો છે, એવા માણસ બહુ જૂજ. ઊલટા, વિકારોથી ભરેલા, નામ–વિહીન, મૃતપાય જીવો જ પુષ્કળ છે. જ્ઞાનદેવે એક વાર નિવૃત્તિનાથને પૂછ્યું, ''આકાશ બધાં કરતાં વ્યાપક છે પણ આકાશ કરતાંય વધુ વ્યાપક શું છે?'' નિવૃત્તિનાથ બોલ્યા, ''આકાશ કરતાંયે વ્યાપક હરિનામ છે.''

શરીર જશે, સંપત્તિ જશે, સૃષ્ટિ જશે, છેવટે કાળનો પણ ક્ષય થશે. પરંતુ ઈશ્વરનું નામ લોપાવાનું નથી, કારણ સર્વનો મૂળાધાર એવો તે પ્રભુ પોતાના અધિષ્ઠાન ઉપર સદા ઊભો જ છે, અને તે તેમજ તેનું નામ એકરૂપ જ છે.

**–જ્ઞાનદેવ ચિંતનિકા**